# પ્રસ્તાવના

*સુજ્ઞ સારસ્વત મિત્રો,*

નવેમ્બર માસનું દિવાળી વેકેશન માણી અગાઉના વિશેષાંકો જ્ઞાન-વિજ્ઞાન વિશેષાંક ભાગ-૧-૨, સરદાર બાળમેળા વિશેષાંક ગણિતજ્ઞાન વિશેષાંક ભાગ-૧-૨, સરદાર સ્ટેચ્યુ ઑફ યુનિટી વિશેષાંક, વ્યવહારૂ ગુજરાતી વ્યાકરણ વિશેષાંક વાંચી પચાવી ને તરોતાજા બન્યા હશો. શિક્ષકો અને અધ્યાપકોએ એક કિલોગ્રામ જેટલુ વાંચ્યા પછી એક ક્વિન્ટલ જેટલું વિચારવું જોઈએ અને અર્થગ્રહણ કરી તેનું અમલીકરણ કરવું જોઈએ.

શિક્ષક વર્ગખંડમાં જાય તો જેમ કોઈ સ્ત્રી મહીયર (પીયર)માં જાય તેટલા આનંદથી જવું જોઈએ મહીયર જતી સ્ત્રીને જેમ પુરી તૈયારી અને આનંદ ઉમળકા સાથે પ્રસન્ન ચિત્તે જવું જોઈએ. તેનો પ્રત્યેક તાસ એક કલાકૃતિ બની રહેવો જોઈએ. વિદ્યાર્થીઓને લાગવું જોઈએ કે હજી તાસ ચાલુ રહ્યો હોત તો સારુ. અમારા સાહેબ અમારી સાથે હજુ વધુ રહે તો સારું તેમ લાગવું જોઈએ.

આપણી શાળામાં આવતાં બાળકોની ઝડપ અને શાળાએથી પરત ફરતાં બાળકોની ઝડપનું નિરીક્ષણ કરજો. શાળાએ આવતા બાળકનો ચહેરો અને શાળાએથી જતા બાળકનો ચહેરો આવો તફાવત કેમ ? શું આપણે એવું સુંદર મઝાનું કામ કરીને આ સ્થિતિને ઉલટાવી ન શકીયે ? વર્ગખંડના બેતાજ બાદશાહ જેવા ઠાઠથી જેમ એક ''મા'' તેના નાના બાળમાં અવનવાં સોણલાં સ્વપનો જોઈ તેને જે ભાવથી ભોજન પીરસે તેવા જ ભાવથી જ્ઞાન પીરસીયે. અરે વર્ગખંડમાં ભણાવવાનો નશો જ કંઈ ઓર હોય છે. શાળા સમયમાં આ નાના બાળની 'મા' બનવાનો પ્રયત્ન કરી તો જોઈએ. એમાં જે મજા છે, મસ્તી છે, નિજાનંદ છે તેની અનુભૂતિ જ કાંઈ ઓર હોય છે.

આશા રાખુ કે આપણે એવાં કાર્યો કરીએ કે વિદ્યાર્થીઓની આપણા ઉપરની જે શ્રદ્ધા, વિશ્વાસ અપેક્ષા અને સારી માન્યતાઓ છે તે ટકી રહે.

કે. ટી. પોરાણીયા
પ્રાચાર્ય
ડાયટ, સંતરામપુર

# સંપાદકીય

વ્હાલા ગુરૂજનો,

દિવાળીના તહેવારો અને વેકેશન માણી તરોતાજા બની ગુણવત્તાસભર કાર્યો કરવા આપણે અને આપણા ગ્રાહકો (બાળકો) થનગની રહ્યા છે ત્યારે એડવાન્સમાં નૂતન વર્ષાભિનંદન

અનેક પ્રકારના તાલીમી સાહિત્ય, તાલીમો અને અવનવા વિશેષાંકોવાળા ''મૈત્રી'' અંકોની સાથે જ્ઞાનમૈત્રી કરીને આપ સૌ કમીટેડ, કોમ્પીટેટીવ અને કોલિટેટીવ બન્યા છો ત્યારે એક વાત હંમેશાં યાદ રાખીએ કે શિક્ષક એટલે માત્ર **શિ...શિસ્ત, ક્ષ...ક્ષમા અને ક...કરૂણા** જ નથી પરંતુ શિક્ષકની પરિભાષા, ફરજ કાર્યો અને જવાબદારીઓ પણ બદલાઈ છે. આજે શિક્ષક એટલે **શિ...''શિસ્ત બદ્ધ નિર્વાહ'' કરે, ક્ષ...''ક્ષતિમૂક્ત''** નિર્વાહ કરે અને **''કમીટેડ''** બની. કર્તવ્યબદ્ધ નિર્વાહ કરે. આપણી શાળા, શાળાનું મકાન, શાળાનું કેમ્પસ, વર્ગખંડો, શિક્ષકો અને બાળકો પાસેથી સમાજને ઘણી બધી અપેક્ષાઓ છે.

આપણો શિક્ષક તરીકેનો વ્યવહાર, વિચારો, પહેરવેશ, એટીટ્યુડ, બિહેવીયર અને કાર્યોને આદર્શ બનાવી શિક્ષકની સજ્જતા, ચીવટતા, ચપળતા, કુનેહ, આવડત, સાવચેતી, સર્તકતા અને સજ્જતાનો ધીરગંભીરતાપૂર્વક ઉપયોગ કરી આપણા પોઝેટીવ થીન્કીંગમાં વધારો કરી અધૂરપો પૂર્ણ કરવા આજથી જ મચી પડીયે. આપણને (શિક્ષકને) સમાજ દ્વારા અપાયેલ ઉપનામ અને રૂપકોને સાચા ઠેરવીયે.''

આપણી શાળાઓ "School" સ્કુલ ન બની રહેતાં સાચા અર્થમાં નંદનવન સમ હરીયાળા સંસ્કારધામ અને એક સરસ્વતી મંદિર બની રહે તે જોવાની આપણી પ્રથમ ફરજ છે. વર્ગનાં થોડાં બાળકોને વધુ આવડે તેમ નહીં પણ બધા બાળકને વધુ આવડે તે તરફ આપણે જવું છે. 'We can do' નો Approch કેળવીયે. win, win and winની થીયરી અપનાવીયેતો આપણે શિક્ષણની ગુણવત્તાનું સર્વવ્યાપીકરણ કરી વિદ્યાર્થીઓનો ઓલ રાઉન્ડ ડેવલપમેન્ટ કરી શકીશું.

આશા છે મારી આપની ઉપરની શ્રદ્ધા અને વિશ્વાસને આંચ નહીં આવે.


આપનો સહપંથી
ડૉ. એ. વી. પટેલ
તંત્રી "મૈત્રી"
(૧) (મો.) ૯૪૨૬૩ ૨૦૯૦૫
(૨) (મો.) ૯૪૦૯૦ ૮૬૪૭૫
ડાયટ, સંતરામપુર

# માતૃભાષાનાં કૌશલ્યો

ડૉ. એ. વી. પટેલ
તંત્રી ''મૈત્રી'' ડાયટ, સંતરામપુર

આપણે સૌ જાણીએ છીએ કે, ભાષા માનવીની આગવી સિદ્ધિ છે, એ કુદરતે આપેલી નથી, પોતાની જરૂરિયાતના સંદર્ભમાં સિદ્ધ કરેલી ઘટના છે.


ભાષાની કેટલીક સ્વરૂપગત લાક્ષણિકતાઓ છે, એમાંથી પહેલી લાક્ષણિકતા ''ભાષા શીખવી શીખવવી પડતી પ્રવૃત્તિ છે. આ પૃથ્વી ઉપર જન્મનાર દરેક બાળકને ભાષા શીખવવી પડે છે, અને માતા-પિતા તથા જે તે સમાજે તેને શીખવવી પડે છે.

કોઈ વ્યક્તિ જયારે ચોક્કસ ભાષા સાંભળીને સમજી શકે, બોલી શકે, વાંચી શકે અને લખી શકે તોજ સાચા અર્થમાં કહેવાય તેને ભાષા આવડે છે. તે સાક્ષર છે. આમ ભાષા શીખવી એટલે ભાષા સાંભળવી, બોલવી, વાંચવી અને લખવી, અહીં ભાષા સાથે કુલ ચાર પ્રવૃત્તિઓ સંકળાયેલી છે. આ ચાર પ્રવૃત્તિઓને ભાષા કૌશલ્ય કહે છે. આ પ્રક્રિયા મનોવૈજ્ઞાનિક અને શારીરિક છે.


ટૂંકમાં વ્યક્તિએ ભાષા શીખવા માટે ચાર કૌશલ્યોને સિદ્ધ કરવા પડશે. આપણે તેને શ્રવણ કથન, વાંચન અને લેખન તરીકે ઓળખીશું.

**(૧) વિકાસની દષ્ટિએ :**

**(૨) પ્રક્રિયાની આધારે :**




**(૧) શ્રવણ કૌશલ્ય :**




**શ્રવણ કૌશલ્યનું મહત્વ :**

- ➡ બહેરૂ બાળક બોલી શકતું નથી. કારણકે તેને કાન દ્વારા શ્રવણની અનુભુતિ થતી નથી માટે શ્રવણ જેટલું સ્પષ્ટ હશે તેટલું ભાષાનું અર્થગ્રહણ સ્પષ્ટ અને ચોક્કસ બનશે.
- ➡ શ્રવણ શક્તિ ભાષાજીવનનું પ્રસ્થાનબિંદુ છે. ભાષાનો આરંભજ શ્રવણ દ્વારા થાય છે.
- ➡ ભાષાનાં બીજાં કૌશલ્યો શ્રવણ પર આધારિત છે.
- ➡ ભાષાને મૂળ ઉચ્ચારણો સાથે શીખવા માટે.
- ➡ નવા વિચારોની પ્રાપ્તિ માટે.
- ➡ શ્રવણકૌશલ્યોને કારણે બાળકનું ઉચ્ચારણ અને તેનો અવાજ, વાણીપ્રવાહ વિકસે છે.
- ➡ બાળક વિષયને તાત્કાલિક સમજી શકે છે.
- ➡ રેડીયો, ટેલિવિઝન, ભાષણ, સંવાદ, નાટક, શ્રુતલેખન, વગેરે સારી રીતે સાંભળવા શ્રવણની જરૂર છે.
- ➡ પ્રો. એફ.એલ. બિલોઝ કહે છે, ''જે શિક્ષકો પોતાના વિદ્યાર્થીઓને ધ્યાનપૂર્વક સાંભળતા કરે

અને જે સાંભળે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા થાય એવી રીતરસમ અજમાવી શકે તેઓનું કાર્ય સાર્થક થાય છે. કારણ કે જેમણે શ્રવણ માટેનું યોગ્ય વલણ કેળવ્યું છે, તે હમેશાં એક રુચિકર વ્યક્તિ બની રહે છે, અને બીજી કોઈ વ્યક્તિ જેનામાં શ્રવણ માટે વલણ અને શક્તિ નથી, તેના કરતાં તે નવા વિચારો ગ્રહણ કરી શકવાને વધુ લાયક હોય છે.''

**રોજિંદા વ્યવહાર માટે**

- ➡ લોકશાહી જીવન પદ્ધતિમાં બીજાની વાત શાંતિથી અને ધીરજપૂર્વક સાંભળવા અને વિરોધી મતને સહન કરવા માટે.
- ➡ આપણે જેટલું જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ તેના કરતાં ૨૫% જ્ઞાન શ્રવણ દ્વારા પ્રાપ્ત કરીએ છીએ આમ જ્ઞાન મેળવવા શ્રવણ જરૂરી છે.
- ➡ શાળામાં વિદ્યાર્થીઓ ૫૪% જેટલો સમય શિક્ષકને સાંભળવામાં અને ૩૧% જેટલો સમય અન્ય વિદ્યાર્થીને સાંભળવામાં ગાળે છે. ત્યારે શ્રવણકૌશલ્યનું મહત્વ વધી જાય છે.
- ➡ શ્રવણ દરમિયાન વૈવિધ્ય હોય છે. તેથી બાળક વિષયને તાત્કાલિક સમજી શકે છે.
- ➡ વર્ગમાં શિક્ષણ મેળવવા બાળકોએ શિક્ષકના કથનનું શ્રવણ કરવું જ પડે છે. ઉપરાંત શાળામાં વિવિધ પ્રવૃત્તિ માટે સૂચના અપાતી હોય ત્યારે મેદાન પર અનેક જગ્યાએ શ્રવણકૌશલ્યની જરૂર પડે છે.

**શ્રવણ કૌશલ્યની પ્રવૃત્તિઓ :**

- ➡ કેટલીક ક્રિયા કે શબ્દોના શિક્ષણ માટે વર્ગ બહાર જઈને દૃશ્ય કે વસ્તુ બતાવીને શીખવવું જોઈએ.
- ➡ બાળકોને પ્રાસવાળા અને લયપ્રધાન ગીતો પાઠ્યપુસ્તકમાં આપેલા હોય છે. તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવો જોઈએ ઉપરાંત બીજા ગીતો સંભળાવવાં જોઈએ.
- ➡ શિક્ષકે વર્ગમાં બાળકોને સુચના, આદેશ વગેરે સ્પષ્ટ ભાષામાં અને મધુર અવાજમાં આપવાં જોઈએ. જેથી બાળકો સાહજિકતાથી શ્રવણ કરી શકે અને અનુકરણ કરી શકે.
- ➡ એક વિદ્યાર્થી પોતાના અનુભવો વર્ગમાં રજૂ કરે અને વર્ગના બાકીના વિદ્યાર્થીઓ તે સાંભળી લેવા પ્રસંગો ઉપસ્થિત કરવા જોઈએ.
- ➡ મહેમાનોને આમંત્રી તેમની પાસે વક્તવ્ય રજૂ કરાવી શકાય.
- ➡ શાળામાં વિવિધ શ્રાવ્ય કાર્યક્રમો ઘડી કાઢવા જોઈએ. અને બાળકોને સાંભળવાની તકો ઊભી કરવી જોઈએ.
- ➡ સામાજિક, રાષ્ટ્રીય, સાંસ્કૃતિક પર્વોની ઊજવણી કરવી જોઈએ.
- ➡ એક પાત્રીય અભિનય કરાવવો અને પાઠ્યપુસ્તકમાં આવતાં સંવાદોનું વાચન વિદ્યાર્થીઓ સામે કરાવવું જોઈએ.
- ➡ શિક્ષક બાળકને તેમની દૈનિક ક્રિયાઓ વિશે પ્રશ્નો પૂછી શકે અથવા દરેક બાળક તે અંગેની રજુઆત કરે અને બીજા વિદ્યાર્થી તે સાંભળે. આ ઉપરાંત શ્રવણકૌશલ્ય માટે વિવિધ રમતોનું આયોજન થઈ શકે.
- ➡ બાળક નવા શબ્દો સાંભળવાથી પૂરેપૂરું અર્થગ્રહણ ન પણ કરી શકે. દા.ત., જેમ પ્રાણીઓની ઓળખ આપવા માટે તેના અંગનું વર્ણન માત્ર પુરતું નથી. તેના માટે જે તે પ્રાણીનું ચિત્ર બતાવવાથી નવા શબ્દની સંકલ્પના સ્પષ્ટ થાય છે.
- ➡ બાળક એકનો એક શબ્દ, શબ્દસમૂહ કે વાક્ય વારંવાર સાંભળે અને તેનું પુનરાવર્તન થયા કરે તો તે સરળતાથી શીખે છે.
- ➡ રેડીયો, ટેપરેકોર્ડર, ટી.વી.નો ઉપયોગ કરી, વિવિધ બાબતો સાંભળવી, પછી તેનું મૂલ્યાકન કરવું.
- ➡ ખોટો ઉચ્ચાર કરતાં બાળકને સાચો ઉચ્ચાર વારંવાર સંભળાવવો.
- ➡ ચર્ચાસભા, વાર્તાકથન, વક્તૃત્વસ્પર્ધા, કાવ્યસંમેલન વગેરેનું આયોજન કરવું.
- ➡ પ્રાર્થનાસભામાં સમાચાર - સુવિચારનું વાચન. ઉપરાંત મહાન વ્યક્તિઓની જન્મજયંતી ઉજવણી.

➡ નાટક, રાસ, ગરબા, ભજન, દુહા, મુક્તક, ટૂચકા વગેરેની રજૂઆત.
ગદ્ય-પદ્યનું આદર્શ વાંચન કરવું.

**કથન કૌશલ્ય :**

ભૂમિકા : સામાન્ય રીતે ભાષાકીય ઈમારત શ્રવણકૌશલ્યના પાયા પર રચાયેલી છે. વિદ્યાર્થી જેવું શ્રવણ કરે તેવું કથન કરવા પ્રેરાય છે. આથી શ્રવણ કૌશલ્યના વિકાસની ભૂમિકા પર કથન કૌશલ્યનો વિકાસ રહેલો છે.

**કથન કૌશલ્યનો અર્થ :**

વિદ્યાર્થીના મનમાં ઉદ્‌ભવતા વિચારોની પોતાની ભાષામાં અભિવ્યક્તિ એટલે કથન કૌશલ્ય. એટલે કે વ્યક્તિ પોતાના વિચારો અને લાગણીઓને વાણી દ્વારા રજૂ કરે છે ત્યારે તે કથન કરે છે તેમ કહેવાય.

**કથન :** એટલે વક્તા દ્વારા બોલાયેલું અર્થબોધ થાય તેવું વાક્ય....કથન

**કથન કૌશલ્ય (મૌખિક અભિવ્યક્તિ) સંકલ્પના**

વ્યક્તિ જ્યારે પોતાના વિચારોને શુદ્ધ ભાષામાં પ્રસંગોચિત રીતે ગતિ, લય, માધુર્ય, સ્પષ્ટતા સાથે સ્વાભાવિક રીતે વાણી દ્વારા રજૂ કરે તેને મૌખિક, અભિવ્યક્તિ કહેવાય.

વ્યક્તિ જ્યારે બોલે છે ત્યારે તે 'કથન' કરે છે તેમ ન કહેવાય. એટલે કે 'બોલવું' એટલે મૌખિક અભિવ્યક્તિ નથી પરંતુ જે હેતુથી બોલે છે તે હેતુ સિદ્ધ થવો જોઈએ દા.ત. નાનુ બાળક બોલે ત્યારે તે શું બોલે છે તેનો ખ્યાલ આપણને નથી આવતો ત્યારે તેની મૌખિક અભિવ્યક્તિ વિકસેલી નથી એમ કહેવાય.

મૌખિક અભિવ્યક્તિમાં અવાજ-ધ્વની એ શરીરનું વૈજ્ઞાનિક પાસુ છે અને તેના દ્વારા પ્રગટ થતાં અર્થ કે વિચારો મનોવૈજ્ઞાનિક પાસુ છે, વિચારણા વિના કથન શક્ય નથી, કથન વિચાર ઉપર આધારિત છે, જે કાંઈ બોલવું છે તે પ્રથમ વિચારાય છે અને પછી તેનું ઉચ્ચારણ થાય છે.

વક્તૃત્વ સ્પર્ધા ➡ મુક્ત ચર્ચા ➡ શબ્દ રમતો ➡ અંતાક્ષરી સ્પર્ધા ➡ કાવ્યગાન સ્પર્ધા, કાવ્યપઠન ➡ વાર્તા બનાવવી ➡ એક મિનિટની રમત ➡ ચિત્રવર્ણન ➡ વાંચન કૌશલ્ય :

**ભૂમિકા :** શ્રવણ અને કથન એ અનૌપચારિક રીતે વિકસે છે. તે બંને કૌશલ્યોનો વિકાસ થયા પછી જ વાંચન અને લેખન કૌશલ્ય ઔપચારિક પ્રયત્નો વડે વિકસાવી શકાય છે.

વાંચન દ્વિતીય કક્ષાનું અને અર્થગ્રહણ કૌશલ્ય છે. બાળક સાહજીકતાથી જેટલું શ્રવણ અને કથન કરે છે તેટલું વાંચન કરી શકતો નથી. બાળકે મૌખિક અને લિપિબદ્ધ ભાષાનો ભેદ સમજવાનો છે.

**વાંચનનું મહત્ત્વ :**

➡ શિક્ષકને ભોજન વિના ચાલે, વાંચન વિના ન ચાલે.
➡ પ્રવર્તમાન સમયમાં જ્ઞાનનો વિસ્ફોટ થતો રહે છે, જે પુસ્તક સ્વરૂપે બહાર આવે છે અને તે જ્ઞાનભંડાર વાચન વિના પ્રાપ્ત થઈ શકે નહીં.
➡ માહીતી, સંદેશા કે વિચારોની આપ-લે સ્થળકાળથી પર રહીને થઈ શકે છે.
➡ સભા, સોસાયટી, દુકાન, રેલવેસ્ટેશન કે જાહેર સ્થળે વાચનની જરૂર પડે છે.
➡ રોજબરોજના વ્યવહારમાં અનુકુળ થવા માટે વાચન જરૂરી છે.
➡ વિદ્યાર્થીને શૈક્ષણિક સફળતા માટે વાચન જરૂરી છે.
➡ પત્રકાર, શિક્ષક, વકીલ, દાક્તર જેવાં અનેક વ્યવસાયમાં વારંવાર વાચન કૌશલ્યની જરૂર રહે છે.
➡ સાહિત્યનો આનંદ માણવા વાચન જરૂરી છે.
➡ લેખનક્ષમતા વિકસાવવા વાચનક્ષમતા અત્યંત જરૂરી છે.
➡ નવરાશના સમયનો સદ્‌ઉપયોગ કરવા.
➡ માહિતી પ્રાપ્ત કરવા અને મનોરંજન મેળવવા.
➡ વ્યક્તિના વ્યક્તિત્વ ઘડતર માટે.

કથન ભાષાના ભાષાના શ્રાવ્ય સ્વરૂપ સાથે સંબંધ ધરાવે છે. તે શ્રવણની તુલનામાં ભાષાનું સક્રિય હોય છે, કથન એટલે કે મૌખિક અભિવ્યક્તિ વખતે ભાષાના

ધ્વનીઓ ઉચ્ચારણ તંત્ર દ્વારા નિષ્પન્ન થાય છે અને વક્તા સક્રિય હોય છે. વાતચીત દરમિયાન વક્તા શ્રાવ્ય માધ્યમ ઉપરાંત મુખમુદ્રા અને ચેષ્ટાઓની મદદ લે છે. તેથી મૌખિક અભિવ્યક્તિમાં દશ્ય માધ્યમનો પણ ઉપયોગ થાય છે, સંવાદ કે વાતચીત દરમિયાન કથન કૌશલ્યના બે પાસાં અનુભવાય છે. (૧) બોલવું (Speaking) અને (૨) કહેવું (Saying) બોલવાનું શ્રાવ્ય માધ્યમ દ્વારા થાય છે, પણ કહેવાનું તો શ્રાવ્ય અને દશ્ય બન્ને માધ્યમ ધરાવે છે. આમ મૌખિક અભિવ્યક્તિ એટલે કે કથનનું ખરું સ્વરૂપ વાતચીતની પ્રત્યાયનાત્મક પરિસ્થિતિમાં જ પરખાય છે.

આમ મૌખિક અભિવ્યક્તિ એ પાયાની કળા છે. કૌશલ્ય છે, તે એવી વાણી-ભાષા છે કે જેમાં સ્વાભાવિકતા સ્પષ્ટતા, ગતિશીલતા, શિષ્ટતા, વ્યાવહારિકતા, મધુરતા, સશક્તતા, શુદ્ધિ અને પ્રભાવ જેવા ગુણો હોય.

**કથન કૌશલ્યનું મહત્વ**

કથન અભિવ્યક્તિ એક એવો પાયો છે તેના ઉપર વ્યક્તિના ભાવિ જીવનની સફળતા કે નિષ્ફળતાનો આધાર રહેલો છે. વ્યક્તિ જેટલી અસરકારક રીતે પોતાના વિચારો ભાવનાઓ અન્ય વ્યક્તિ સમક્ષ વ્યક્ત કરી શકે તેટલો અંશે તે જે તે ક્ષેત્રમાં સફળ કે નિષ્ફળ જતી હોય છે. વ્યક્તિ કથન દ્વારા પોતાની પ્રતિભા વ્યક્ત કરે છે.

➡ વિદ્યાર્થી કથન દ્વારા પોતાની તેમજ જાહેર જીવનમાં પ્રસિદ્ધિ મેળવી શકે છે.
➡ રોજિંદા જીવન વ્યવહારમાં કથન અનિવાર્ય છે.
➡ વિદ્યાર્થીઓ પોતાના વિચારો કે લાગણીઓ કથન અભિવ્યક્તિ દ્વારા જ અસરકારક રીતે રજુ કરી શકે છે.
➡ પરસ્પરનો વાણી વ્યવહાર વ્યક્તિને સામાજિક બનાવે છે.
➡ ભાષાશિક્ષણનું અસરકારક કથન વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બને છે.
➡ કથન અભિવ્યક્તિ અસરકારક વાંચન માટે અનિવાર્ય છે.
➡ કથન દ્વારા વ્યક્તિનું વ્યક્તિત્વ સ્પષ્ટ થાય છે.
➡ જીવનના અમુક વ્યવસાયોની સફળતા જ કથન પર આધારીત છે. દા.ત. શિક્ષક, વકીલ, ડૉક્ટર.
➡ કથન કૌશલ્યની તાલીમ સારા લેખન માટે આવશ્યક છે. (ઉચ્ચારણ / બોલી / લેખન દોષ)

**કથન કૌશલ્ય વિકસાવવાની પ્રવૃત્તિઓ :**

➡ પ્રાર્થના પ્રવૃત્તિ ➡ ચર્ચા પરિસંવાદ ➡ વાર્તાકથન ➡ નાટક એકપાત્રીય અભિનય

**અર્થ :**

ભાષાના ધ્વની સંકેતોની લેખિત અભિવ્યક્તિ એટલે લેખન કૌશલ્ય.

**મહત્વ :**

➡ લેખન દ્વારા વ્યક્તિના વિચારો ચિરસ્થાયી બને છે.
➡ વ્યક્તિ પોતાના વિચારો ફેલાવી શકે છે.
➡ લેખન સ્થળ-કાળની સીમાઓ બાધારૂપ હોતી નથી.
➡ આપણા ભવ્ય સાંસ્કૃતિક અને સાહિત્યિક વારસાનું જ્ઞાન લેખનને આભારી છે.
➡ ભૂતકાળનું જ્ઞાન મેળવી શકાય છે, તેમજ ભવિષ્યમાં થનારી શોધ માટે લેખિત સામગ્રી માર્ગદર્શક બની રહે છે.
➡ વ્યક્તિ પોતાના અનુભવો, સંસ્મરણો તથા જ્ઞાનને સાચવી શકે છે.
➡ વ્યક્તિના શૈક્ષણિક તેમજ વ્યવસાયિક વિકાસમાં લેખન ઉપયોગી બને છે.
➡ દૈનિક તેમજ સામાજિક વ્યવહારમાં લેખનનું મહત્વ ઘણું છે. લેખનથી વ્યક્તિ પોતાની મિલકતો અને નાણાકીય વ્યવહારો યોગ્ય રીતે કરી શકે છે.
➡ જીવન વિકાસ સાધી શકાય છે-દૈનિક અને સામાજિક વ્યવહાર માટે.
➡ મુદ્રણકળાને કારણે ભાષા ટકાઉ, જાહેર અને અધિકૃત બને છે.

**પ્રવૃત્તિઓ :**

લેખકના કૌશલ્યના વિકાસ માટે નીચે જણાવેલ પ્રવૃત્તિઓ યોજી શકાય.

➡ સુલેખન સ્પર્ધા ➡ અનુલેખન ➡ શ્રુતલેખન

➡ નિબંધલેખન ➡ પત્રલેખન ➡ અહેવાલલેખન ➡ વાર્તાલિખન ➡ પ્રસંગ વર્ણન ➡ પ્રવાસ વર્ણન ➡ ચિત્રવર્ણન ➡ જોડણીની રમતો ➡ હસ્તલિખિત અંક પ્રકાશન ➡ કાવ્યલેખન સ્પર્ધા ➡ શબ્દકોશનો ઉપયોગ વગેરે ➡ આત્મ પરિચય લખાવવો. ➡ સારા હસ્તાક્ષરનું પ્રદર્શન

**લેખનમાં થતા મુખ્ય દોષો તથા તે નિવારવા માટે ના ઉપાયો :**

**જોડણી અંગેની ભૂલો દૂર કરવાના ઉપાયો :**

**ઉપાયો :**

➡ જોડણી કોશનો ઉપયોગ કરવો. ➡ જોડણી ચાર્ટ બનાવવા. ➡ જોડણીના નિયમો સમજાવવા. ➡ જોડણીભેદને કારણે અર્થઘટનમાં થતાં તફાવતો દર્શાવવા. ➡ શુદ્ધ ઉચ્ચારણનો મહાવરો કરાવવો. ➡ વિદ્યાર્થીઓ પાસેથી સાચી જોડણીનો આગ્રહ રાખવો. ➡ જોડાક્ષર વિશે સમજ આપવી.

દરેક શિક્ષકે શુદ્ધ જોડણી લખવાનો આગ્રહ રાખવવો.

**ઉપાયો :**

➡ અનુસ્વાર અંગેના નિયમો સમજાવવા. ➡ અનુસ્વારનો ચાર્ટ બનાવવો. ➡ અનુસ્વાર નહીં કરવાથી કે ખોટી જગ્યાએ કરવાથી અર્થમાં થતા ફેરફાર દર્શાવવા. ➡ અનુસ્વારની રમતો રમાડવી.

**વિરામચિહ્નોની ભૂલો :**

**ઉપાયો :**

➡ વિરામચિહ્નોની સમજ આપવી. ➡ વિરામચિહ્નોના યોગ્ય ઉપયોગની સમજ આપવી. ➡ વિરામચિહ્નોનું મહત્વ સમજાવવું. ➡ વિરામચિહ્નોની રમતો રમાડવી. ➡ વિરામચિહ્નોની સંજ્ઞાના ચાર્ટ ટીંગાડવા.

**અક્ષરોની ખામી :**

**ઉપાયો :**

સુલેખન, અનુલેખન, શ્રુતલેખન કરાવવું.
સારા અક્ષરના નમુના વર્ગમાં મુકવા.
અક્ષરો અંગેનો મહાવરો આપવો.

**શબ્દભંડોળનો અભાવ :**

**ઉપાયો :**

➡ શબ્દકોષનો ઉપયોગ. ➡ શબ્દરમતો રમાડવી.
➡ શબ્દ-ઘડતરની સમજ આપી.

**લેખનકૌશલ્યનાં ઉદાહરણો :**

શિક્ષકે નીચેનાં જેવાં કેટલાંક વિધાનો આપવાં અને એમાં વિદ્યાર્થીઓ પાસે યોગ્ય વિરામ ચિહ્ન મુકાવવાં.

દા.ત. (૧) અહીં ગંદકી કરવી નહિ કરનારને શિક્ષા થશે.

પાઠ્યપુસ્તકમાંથી કોઈ પણ પાઠનો એકાદ ફકરો લખવા આપવો.

## પ્રાણીઓ અને પક્ષીઓની વિશેષતા

(૧) સૌથી હિંસક પ્રાણી - વાઘ
(૨) સૌથી ઊંચું પ્રાણી - જીરાફ
(૩) સૌથી મોટો કૂતરો - વુલ્ફ
(૪) રણનું જહાજ - ઊંટ
(૫) સૌથી મોટું પ્રાણી - વ્હેલ માછલી
(૬) સંગીત પ્રિય પ્રાણી - ડુક્કર (પીગ)
(૭) કાન ન હોય તેવું પ્રાણી - સાપ
(૮) મનુષ્યની માફક રડતું પ્રાણી - રીંછ
(૯) સૌથી વધુ જીવનાર પ્રાણી (૨૫૦ વર્ષ) - કાચબો
(૧૦) ભારે શરીર છતાં ઝડપથી દોડી શકતું પ્રાણી - જંગલી પાડો
(૧૧) સૌથી મોટો કૂદકો લગાવનાર પ્રાણી - કાંગારુ
(૧૨) જમીન પર ચાલતું સૌથી મોટું પ્રાણી - હાથી
(૧૩) સૌથી નાનું પક્ષી - હરમીંગ-બર્ડ
(૧૪) ઝડપથી ઉડનારું પક્ષી - ફ્રિગેટ
(૧૫) સૌથી વધુ રંગીન પક્ષી - પીઠા
(૧૬) સૌથી મોટું ઈંડુ મુકનાર પક્ષી - શાહમૃગ
(૧૭) લાંબા અંતર સુધી ઉડનારું પક્ષી - ગોલ્ડન પ્લોવર
(૧૮) પોતાનાં બચ્ચાને દૂધ પીવડાવતું પક્ષી - ચામાચીડિયું

## ઋતુચક્ર

| મુખ્ય ઋતુ | પેટા ઋતુ | ગુજરાતી મહિના | અંગ્રેજી મહિના | પાકો | ફળ તથા શાકભાજી | તહેવારો | કપડાં | હવામાન |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| શિયાળો | હેમંત | કારતક<br>માગશર | નવેમ્બર<br>ડિસેમ્બર | ઘઉં<br>કપાસ<br>તમાકુ<br>સરસવ<br>રાયડો | વાલોળ<br>ટામેટા<br>કાકડી<br>બોર<br>જામફળ<br>દ્રાક્ષ<br>સફરજન | ઉત્તરાયણ<br>નાતાલ<br>૨૬મી<br>જાન્યુઆરી<br>વગેરે... | ગરમ | ઠંડું |
| | શિશિર<br>(પાનખર) | પોષ<br>મહા | જાન્યુઆરી<br>ફેબ્રુઆરી | | | | | |
| ઉનાળો | વસંત<br>(ઋતુરાજ) | ફાગણ<br>ચૈત્ર | માર્ચ<br>એપ્રિલ | બાજરી<br>મગફળી | બટાટા<br>સૂરણ<br>કંદમૂળ<br>કેરી<br>રાયણ<br>ચીકુ | હોળી<br>વસંત<br>પંચમી | સુતરાઉ | ગરમ |
| | ગ્રીષ્મ | વૈશાખ<br>જેઠ | મે<br>જૂન | | | | | |
| ચોમાસું | વર્ષા | અષાઢ<br>શ્રાવણ | જુલાઈ<br>ઑગસ્ટ | જુવાર<br>બાજરી<br>મકાઈ<br>ડાંગર<br>કઠોળ | કંકોડા<br>ગુવાર<br>લીલી<br>શાકભાજી<br>જાંબુ<br>કેળાં<br>લીંબુ | પંદરમી<br>ઓગસ્ટ<br>રક્ષાબંધન<br>નવરાત્રિ<br>દિવાળી | છત્રી<br>રેઈન<br>કોટ | ભેજવાળું |
| | શરદ | ભાદરવો<br>આસો | સપ્ટેમ્બર<br>ઓક્ટોબર | | | | | |

# ગુરૂજનો માટે રૂપકો

સંકલન : ડૉ. એ. વી. પટેલ
તંત્રી ''મૈત્રી'' ડાયટ, સંતરામપુર

### ''શાળા-બાગનો માળી - શિક્ષક''

સુંદર, સુવિકસિત અને સુવાસિત બાગ જોઈને આપણને નિશ્ચિતપણે તેને આ સર્વોચ્ચ કક્ષાએ પહોંચાડનાર માળી યાદ આવેજ બાગનો માળી સર્વાંગીપણે ઓતપ્રોત થાયને, પોતાનું હૈયું સિંચીને કશી અપેક્ષા વિના બાગના ઉછેર, પોષણ અને રક્ષણ માટે કર્મઠ બની રહે છે. શિક્ષક પણ શાળા - બાગનો રખેવાળ, પોષક અને સર્જક છે. આ બંને પોતાનું ઉત્કૃષ્ટ સર્જન નિહાળીને ચિદાનંદ અને આત્મગૌરવની અનુભૂતિ કરે છે. શિક્ષક શાળા બાગનો સર્જક, પોષક અને રખેવાળની શ્રેષ્ઠ ભૂમિકા ભજવતો માળી છે.

### ''શ્રી કૃષ્ણ અને શિક્ષક''

બૃહદ વ્યક્તિત્વથી સભર પૂર્ણ પુરૂષોત્તમ શ્રી કૃષ્ણના વિરાટી ફલક સુધી વિસ્તૃત કર્મયોગથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. ઉત્તમ માર્ગદર્શક, શ્રેષ્ઠ મિત્ર અને ઉચ્ચત્તમ જ્ઞાનદાતા તરીકે શ્રી કૃષ્ણ સર્વોપરી છે. શિક્ષક પણ ફળની આશા રાખ્યા વગર બાળકને તેની શ્રેષ્ઠતા સુધી પહોંચાડનાર કર્મયોગી છે. બાલસહજ ક્રીડાઓથી

શ્રીકૃષ્ણે પોતાનું વિરાટ દર્શન પ્રગટ કર્યું તેમ શિક્ષક પણ બાળકને વિરાટ વ્યક્તિત્વ તરફ લઈ જનાર પથદર્શક છે અને તેના જીવનરથને યથાસ્થાને લઈ જનાર ઉત્તમ સારથી છે.

**''જીવન સંશોધક-શિક્ષક''**

અનુભવોનો નીચોડ ઉમેરીને કોઈ સંશોધક ઉમદા સંશોધન કરે, અને તેનું પ્રસારણ સમાજમાં થાય ત્યારે એ ઉત્તમ સમાજ બની રહે છે. ભૌતિક અને બૌદ્ધિક સમૃદ્ધિ માટે સંશોધક અનિવાર્ય છે. શિક્ષક એ શ્રેષ્ઠ સંશોધક છે. બાળકને મુંજવતી શૈક્ષણિક સમસ્યાઓને સંશોધિત કરી તેના ઉકેલો શોધી શિક્ષક શિક્ષણને બાલ સહજ અને અર્થપૂર્ણ બનાવે છે. દરેક બાળકમાં છુપાયેલ સુષુપ્ત શક્તિઓને સંશોધિત કરી તેને શિખર સુધી પહોંચાડનાર શિક્ષક ખરેખર શ્રેષ્ઠ જીવન સંશોધક છે.

**''શિક્ષક એ મહાદેવ છે.''**

સર્વ દેવોમાં ભગવાન શંકર મહાદેવ એટલા માટે કહેવાય છે કે તેઓ શ્રેષ્ઠ જ્ઞાતા હોવા છતાં કશી ભૌતિક ચીજોના મોહતાજ નહોતાં સહજતા, સાદાઈ અને ભાવસહજ ભોળપણ અને ઔદાર્યનું જીવંત જીવન સ્વરૂપ એટલે મહાદેવ, મહાદેવના મંદિરે સર્વેલોકો, કોઈપણ સમજે બેજિજક જઈ શકે, અને મનવાંચ્છિત ફળ મેળવી શકે, એમ શિક્ષક પણ અનેક કર્મચારીઓની તુલનામાં કશા બાહ્યાડંબર વિના અનઅપેક્ષિત ભાવે બાલ ભક્તોને પોતાના જ્ઞાન અમૃતથી નવાજતો રહે છે. બાળકો માટે શિક્ષકના દ્વાર હમેશા ખુલ્લા હોય છે. સામાજિક ટિકા-ટિપ્પણનું વિષ પીને પણ સમાજને અમૃત પ્રદાન કરે છે અને એ પણ નિસ્પૃહભાવે ખરેખર શિક્ષક મહાદેવ જ છે.

**''સન્યાસી શિક્ષક''**

સમાજમાં રહીને પોતાની ફરજમાં નૈતિક રીતે પ્રતિબદ્ધ સન્યાસી એટલે જ શિક્ષક, સંન્યાસીમાં હોવા જોઈતા બધાં ગુણો જેવા કે, પરોપકાર, કરૂણા, માર્ગદર્શન, સત્યપાલન, એકજલક્ષ, લય, સમભાવ, ઐક્ય, આત્મજ્ઞાન, ત્યાગ, શાંતિચાહના જેવા અઢળક ગુણોથી સભર શિક્ષક હોય છે. શિક્ષણનો ભેખ પહેરીને પોતાની જ્ઞાન વર્ષાથી બાળકોનો ભાવ રાહ પ્રશસ્ત કરે છે. વિરક્ત ભાવે શિક્ષક બાળકોની પ્રગતિ જોઈને નિજાનંદ અનુભવે છે. ભગવા પહેર્યા વિનાના સંન્યાસી એટલે જ શિક્ષક

**''શિક્ષક-સરિતા''**

નિજાનંદમાં મસ્ત થઈને અસ્ખલિતપણે વહેવું એ સરિતાનું પ્રથમ લક્ષણ છે. પર્વતના ઘેરથી નીકળી પોતાના વહેણના માર્ગમાં આવતાં પ્રદેશોને હરિયાળા કરતી, લોકસુખાકારીના પરમાર્થે વહેતી પોતાના જળને વહેંચતી સરિતા પોતાના જીવનને ચરિતાર્થ કરે છે. અને મહાસાગરને મળવા દોટ મૂકે છે. સરિતા જેમ લોકમાતા છે એમ શિક્ષક પણ બાળકની બીજી માતા છે. સરિતાની જેમ પોતાના જ્ઞાનરૂપી જળને બાળકોમાં વહેંચી સમગ્ર સમાજને હર્યોભર્યો અને ફળદ્રુપ કરી દેવાનું અસ્ખલિત કર્મ શિક્ષક કરે છે. બાળકની જ્ઞાન પિપાસાને તૃપ્ત કરે છે. સરીતા એ લોકોની સહિયારી મિલકત છે. શિક્ષક પણ શિષ્ટ સમાજની અમૂલ્ય મિલકત છે. શિક્ષકરૂપી સરિતા જ્ઞાન જળ ક્યારેય સૂકાતું કે ખૂટતું નથી, અવિરત વહ્યા જ કરે છે.

**શિક્ષક દેવો ભવ :**

સમાજને સન્માર્ગે વાળે, હંમેશા બીજાનું ભલું કરે અને પોતાના જ્ઞાનથી સમગ્ર લોકનેમાંજે તે દેવ કહેવાય છે. શિક્ષક એ દેવનું આકાર સ્વરૂપ છે. સાચો શિક્ષક પોતાના નિજી સ્વાર્થોનો ત્યાગ કરી સમાજમાં જ્ઞાનધારા વહાવી સંસ્કારોનું સિંચન કરી પોતાનું દેવત્વ બતાવે છે. દાનવબુદ્ધિને પણ દેવત્વની કક્ષાએ શિક્ષકજ લઈ જઈ શકે છે. પ્રાચીન સમયમાં આ કામ દેવોને શિરે હતું આજે એ દૈવી જવાબદારી શિક્ષક વહન કરી રહ્યો છે જ શિક્ષક એ દેવ જ છે.

**''શિક્ષક એ જ શિલ્પકાર''**

પથ્થરમાંથી સુંદર કલાકૃત્તિનું સર્જન કરવું એ શિલ્પકારનું કામ છે. ઘાટઘૂટ વગરના પથ્થરમાંથી ઈચ્છિત મૂર્તિ શિલ્પકારજ કંડારી શકે. પોતાના ટાંકણા વડે અવિરતપણે થાક્યા વગર અને સર્જનતા અદ્‌ભૂત

આનંદ સાથે શિલ્પકાર પ્રવૃત રહે છે. શાળામાં બાળક જયારે દાખલ થાય છે. ત્યારે ભવિષ્યનો કશો જ આકાર તેનામાં હોતો નથી. શિક્ષક તેને કંડારવાનું શરૂ કરે છે. તેના જ્ઞાન, સમભાવ, કરૂણા, નિષ્ઠા અને સંસ્કારના ટાંકણા વડે બાળકને કંડારે છે અને સમાજને તેની ઉતમ કલાકૃત્તિઓ ભેટ ધરે છે. શિક્ષક ખાલી મૂર્તિ કંડારેએ જ નથી પણ તેનામાં પ્રાણ પૂરી જીવંત બનાવે છે તેથી તો શિક્ષક મહાન શિલ્પકાર ગણાય છે.

**''શિક્ષક અને બીજ''**

સમગ્ર જીવનસૃષ્ટિનો મુખ્ય આધાર સ્તંભ વનસ્પતિ છે. પણ સમગ્ર વનસ્પતિ સૃષ્ટિનું મૂળભૂત તત્વ બીજ છે. બીજ અંકુરિત થઈને મૂળ, થડ પણ ડાળી અને પુષ્પમાં વિસ્તરિત થઈને વિરાટ વૃક્ષનું સ્વરૂપ પામે છે. શિક્ષક બીજરૂપ છે. શિક્ષિત અને સંસ્કારી સભ્ય સમાજનો મૂળતત્વ રૂપ પાયો શિક્ષક છે. ઉમદા નાગરિકત્વના પાયામાં શિક્ષકજ હોય છે. શિક્ષક પોતે અંકુરિત થઈને ઉત્તમ સમાજરૂપી વિરાટ વૃક્ષનું સર્જન કરે છે. જ્ઞાનરૂપી થડ, સંસ્કારરૂપી ડાળીઓ, સભ્યતારૂપી ડાળીઓ પર્ણો અને ઉમદા માનવનું ફળ એટલે જ બીજમાંથી વિસ્તરિત થયેલો શિક્ષક એટલે કે સમગ્ર સુસંસ્કૃત સમાજનો પાયો શિક્ષક જ છે.

**''પુજારી અને શિક્ષક''**

કોઈપણ દેવમંદિરનું દેવત્વ તેના પૂજારીની ભક્તિ, આસ્થા અને કાર્યનિષ્ઠા દ્વારા પ્રગટ થાય છે. મંદિરમાં બિરાજીત ઈશ્વરની પૂજા અર્ચના શણગાર, આરતી વગેરે સંસ્કારો અખુટ શ્રદ્ધેતા અને પૂર્ણ એકાગ્રતાથી કરવા એ પૂજારીનું પ્રથમ કર્તવ્ય છે. પૂજારી માટે મંદિર એ કર્મભૂમિ છે અને ઈશ્વરને પ્રસન્ન કરવા એ એની મંઝિલ છે. અલગ દૃષ્ટિકોણથી વિચારીએ તો શિક્ષક પણ એક પૂજારી જ છે. શાળા એ મંદિર અને બાળક એ ઈશ્વરનું જ એક સ્વરૂપ છે. બાળદેવ એ શિક્ષકનો મંત્ર છે. શિક્ષણ, સ્વયંશિસ્ત અને સદ્‌ગુણએ શિક્ષકની પૂજનવિધિ છે. બાલદેવનું દેવત્વ પ્રગટાવવું એ જ એની મંઝિલ છે. સાચો શિક્ષક ક્યારેય કાર્યનિષ્ઠા પરની પોતાની શ્રદ્ધેતા ગુમાવતો નથી. વર્ગને સ્વર્ગ અને શાળાને મંદિર માનનારો પૂજારી એટલે શિક્ષક

**''શિક્ષક એ જ મિત્ર''**

મૈત્રીએ માનવ - સંબંધોનું ઉતમોત્તમ ઈશ્વરીય વરદાન છે. સર્વ સંબંધોમાં મૈત્રીએ સર્વશ્રેષ્ઠ સંબંધ છે. પરસ્પરની ચાહના, અખૂટ વિશ્વાસ ત્યાગભાવના અને અતૂટ સંબંધ એ મિત્રના પાયાના લક્ષણો છે. મિત્રની પ્રગતિમાં ખુશી થવું. દિશાસૂચક બની રહેવું, સુખદુઃખમાં ભાગીદાર થવું, ઉચિત માર્ગદર્શન આપવું અભિન્નતાનું દર્શન કરાવવું વગેરે સાચા મિત્રની ઓળખ છે. શિક્ષક પણ બાળકનો સાચો મિત્ર છે. પોતાના વર્ગના બાળકોને શિક્ષક મિત્ર બનીને હુંફ, પ્રેમ, માર્ગદર્શન અને આરક્ષણ પ્રદાન કરે છે. બાળકની પ્રગતિ માટે શિક્ષક હમેશાં ચિંતિત હોય છે. નાના-નાના બાલ મિત્રો પર શિક્ષકને પારાવાર શ્રદ્ધા હોય છે. પોતાના જ્ઞાનની સમાન ભાવથી તમામ બાળકોમાં વહેંચણી કરે છે. જ્યારે કોઈ વિદ્યાર્થી ઉત્તરોત્તર પ્રગતિ સાધી સમાજમાં કોઈ ઉચ્ચ આસન પર બિરાજમાન થાય છે. ત્યારે સૌથી વધુ ખુશી શિક્ષકને થાય છે. કારણ કે શિક્ષકએ સાચો મિત્ર છે.

**''શિક્ષક અને સંત''**

સમગ્ર સૃષ્ટિને અનઉપેક્ષિત ભાવે કોઈપણ ભેદભાવ વિના સમભાવ પૂર્વક, અમીદૃષ્ટિથી નિહાળનાર સંત જ હોઈ શકે. સંતનું કર્તવ્ય માનવને સાચો રાહ ચિંધી તેનું કલ્યાણ વાંચ્છવાનું છે. ત્યાગ, સાદાઈ અને જ્ઞાનદાન સંતનો સહજ સ્વભાવ છે. માનવજાતની નિર્બળતા દૂર કરી નૂતન પ્રાણસંચાર કરવો એ સંતનો જીવન મંત્ર છે. સંત અને શિક્ષકનું કાર્ય સમાન છે. શાળાના બાળકોને શિક્ષક, સમાન ધોરણે કોઈ અપેક્ષા વિના વિદ્યાદાન અર્પે છે. શિક્ષક બાળકોમાં માનવ - મૂલ્યોને પ્રસ્થાપિત કરવાનું ભગીરથ કાર્ય કરે છે. શિસ્ત, ક્ષમા અને કરૂણા જેવા સદ્‌ગુણોને શિક્ષણ કાર્યમાં વણીને આત્મસાત્ કરાવે છે. સંસારમાં રહીને સંતનું કર્તવ્ય બજાવે એ જ શિક્ષક બાળકના સર્વાંગી જીવનના ઉત્થાન માટે આ સંસારી સંત સદા પ્રવૃત્તિશીલ રહે છે.

**''શિક્ષક એક સમાજ સુધારક''**

તંદુરસ્ત સમાજજીવનના પાયામાં કોઈ સમાજ

સુધારકનો ફાળો અવશ્ય હોય છે. સમાજ સુધારક ગૌરવવંતા સમાજનું નિર્માણ કરે છે. ઋણ સમાજની બદીઓ - વ્યસનો, કુરીવાજો, અંધશ્રદ્ધા વગેરે હરાવીને સમાજ સુધારક આદર્શ માનવીય મૂલ્યોનું પ્રતિષ્ઠાપન કરે છે. શિક્ષક પણ બાળકમાં શિક્ષણ અને સુસંસ્કારોનું સિંચન કરી તેનું આદર્શ નાગરિક તરીકે ઘડતર કરે છે. એ રીતે શિક્ષક પણ સમાજ સુધારકની ભૂમિકા ભજવે છે. સમાજસુધારકની કર્મભૂમિ સમાજ છે તો શિક્ષકની કર્મભૂમિ શાળા છે. બંનેનું સમાજ સુધારણા એ એક જ ધ્યેય છે. સમાજ સુધારકની પ્રતિકૃત્તિ એટલે જ શિક્ષક.

**''શિક્ષક એટલે ડૉક્ટર''**

માનવ શરીરને રોગમુક્ત કરવું અને તંદુરસ્તી બક્ષવી એ ડૉક્ટરનું કર્તવ્ય છે. ડૉક્ટર પ્રથમ તો દર્દીના રોગનું ચોક્કસ નિદાન કરે છે. અને પછી ઉચિત સારવાર કરે છે અને તેને તંદુરસ્ત બનાવે છે. બિમારી પ્રમાણે દવા આપવી, ખાન-પાનની પરેજી કરાવવી, જરૂર પડ્યે ઓપરેશન કરવું વગેરે ડૉક્ટરની સારવારના ભાગરૂપ છે. વિદ્યાર્થી માટે શિક્ષક એક ડૉક્ટર છે. વિદ્યાર્થી-જીવનના કેટલાક રોગ જેવા કે આળસ, વ્યસનો, દુર્વ્યવહાર, કુટેવો, ગેરશિસ્ત, અનિયમિતતા વગેરેનું નિદાન કરી યોગ્ય ઉપચારો કરી તેને રોગમુક્ત કરે છે. ક્યારેક ઉચિત બનાવે છે. બાળક દિલ અને દિમાગથી તંદુરસ્ત બને એ શિક્ષકની કર્મનિષ્ઠતા છે. દર્દીનો ભગવાન ડૉક્ટર છે તો વિદ્યાર્થીઓનો ડૉક્ટર શિક્ષક છે.

**''શિક્ષક એ જ માતા''**

કહેવાય છે કે ઈશ્વર દરેક જગ્યાએ પહોંચી ન શકે. એટલે તેણે માતાનું સર્જન કર્યુ. માતા એ દરેક વ્યક્તિને મળેલું ઈશ્વરીય વરદાન છે. માતા એ મમતાની મૂર્તિ છે. પોતાના સંતાનો માટે માતા તમામ નિજી સુખ ન્યોછાવર કરી દે છે. અને પોતાના બાળકમાં વાત્સલ્ય અને સંસ્કારોનું સિંચન કરી તેને ઉમદા માનવ બનાવે છે. મા તે મા છે. તેને કોઈ સાથે સરખાવી ન શકાય. પણ શિક્ષકને માતા જરૂર કહી શકાય. શિક્ષક દરેક બાળકને પોતાના સંતાન સ્વરૂપ સમજીને સંસ્કાર અને શિક્ષણ પ્રદાન કરે છે. ઉમદા નાગરિક તરીકે ઘડતર કરીને બાળકને સમાજમાં સુસંસ્કૃત મનુષ્ય તરીકે પ્રસ્થાપિત કરે છે. ખરેખર માતા એ બાળકનો પહેલો શિક્ષક છે, અને શિક્ષક એ બાળકની બીજી માતા છે, તે તદ્દન ખરુ છે.

**''મા વિના સુનો સંસાર તેમ શિક્ષક વિના સુનો સમાજ'' ''ઋષિ સ્વરૂપ શિક્ષક''**

ઋષિએ શિક્ષક તરીકે મંગલમય અને પૂજનિય સ્વરૂપ છે. વેદકાળમાં ઋષિઓ અનઉપેક્ષિત ભાવે પોતાના શિષ્યોને તમામ સંસ્કારોથી વિભૂષિત કરતા. અભ્યાસ માટે આવતા શિષ્યોની સુષુપ્ત શક્તિઓને પીછાણી તેઓને એ ક્ષેત્રમાં પારંગત બનાવતા હતા. દૂરદર્શિતા, કાર્ય કૌશલ્ય, નિસ્પૃહતા અને વાત્સલ્ય એ ઋષિના લક્ષણો છે. ઋષિનું અર્વાચીન રૂપ એટલે શિક્ષક. શિક્ષક વિના સમાજ પાંગળો છે. બાળક એ સમાજનોજ એક અંશ છે. શિક્ષક બાળકમાં રહેલી શક્તિઓની ખિલવણી કરી, શિસ્ત, સંસ્કાર અને શિક્ષણનું ભાથું દરેક વિદ્યાર્થીને અર્પે છે. અને સમગ્ર સમાજને સુશિક્ષિત બનાવે છે, જે એક ઋષિનું જ કર્તવ્ય છે.

**''શિક્ષક એટલે સૈનિક''**

શિક્ષક અને સૈનિક બંનેના કાર્યક્ષેત્ર ભિન્ન હોવા છતાં બંનેના કાર્યમાં સામ્યતા રહેલી છે. સૈનિક બાહ્ય દુશ્મનોથી દેશની રક્ષા કરે છે. પોતાના હથિયારો વડે દુશ્મનોના હુમલાઓને નિષ્ફળ બનાવે છે. અને દેશની સુરક્ષા કાજે પોતાનુ જીવન સમર્પિત કરી દે છે. શિક્ષક સૈનિક જેવી જ ફરજ બજાવે છે. વિદ્યાર્થી જીવનના દુશ્મનરૂપ દુગુણો, કુટેવો, અજ્ઞાનતા, વ્યસનો વગેરેને પોતાના શિક્ષણ અને સંસ્કારોના હથિયારથી હટાવી તેમને શિક્ષિત અને ચારિત્ર્યવાન બનાવે છે. શિક્ષક જ આ જીવનધનને સુરક્ષિત રાખવા પોતાના જીવનને ન્યોછાવર કરી દે છે. અને સંસ્કૃતિને બચાવે છે. વિકસિત દેશની આંતર બાહ્ય સુરક્ષા શિક્ષક અને સૈનિક પર અવલંબિત છે.

**''શિક્ષક-ખેડૂત''**

ખેતર રૂપી બાળકનો ખેડૂત એ શિક્ષક છે. ખેડૂત ચોમાસાની શરૂઆતમાં ખેતર ખેડીને સ્વચ્છ અને વાવણી લાયક બનાવે છે. ખેતરમાંથી વધુમાં વધુ પાકની ઉપજ

લઈ શકાય તે માટે ખેડૂત ઉત્તમ બીજ, ખાતર યોગ્ય સમયે પિયત દ્વારા તબક્કાવાર માવજત કરી વિપુલ પાક લણે છે. હળ, ટ્રેક્ટર, કરબ, પાંચોટીયો, ગાડુ, પાવડો, દાતરડુ વગેરે સાધનોનો ઉપયોગ કરી ફસલ રૂપી વળતર મેળવે છે. વિકસિત પાકના રક્ષણ માટે પણ ખેડૂત પૂરા પ્રયત્નો કરે છે અને લહેરાતો પાક જોઈને સર્જનાત્મક પ્રસન્નતા અનુભવે છે. શિક્ષક પણ વિદ્યાર્થીમાં શિક્ષણ, માનવીય સદ્‌ગુણોના બિયારણ વાવીને હોનહાર વિદ્યાર્થીરૂપી ફસલની ઉપજ મેળવે છે. તે માટે શિક્ષક શૈક્ષણિક ઉપકરણો, પ્રવૃત્તિઓ, ઈતર સાહિત્ય, નકશા મોડેલ્સના ખાતરનું ઉમેરણ કરે છે. અશિસ્ત, દુર્વ્યસનો, અપ્રમાણિકતા વગેરે વિકાસને અવરોધક નિંદણ દૂર કરી વિદ્યાર્થીને તેજસ્વી અને સંપૂર્ણ બનાવે છે. શિક્ષક પણ પૂર્ણ રૂપે વિકસિત અને શિક્ષિત ફસલ જોઈને સર્જનાત્મક આનંદની અનુભૂતિ કરે છે. ખેડૂતને જગતનો તાત કહે છે તો શિક્ષણજગતનો તાત શિક્ષક છે.

**''શિક્ષક એક વેપારી''**

બહુવિધ ચીજ વસ્તુઓ રૂપે પોતે કરેલા નાણાંના રોકાણમાંથી મહત્તમ નફો લઈને તેનું વેચાણ કરે છે વેપારી, કરીયાણા, કાપડ, લોખંડ વગેરેનું વેચાણ કરતા અનેક જાતના વેપારીઓ જોવા મળે છે. વેપારીઓમાં, પણ નૈતિકતાથી અને અનૈતિકતાથી વેપાર કરનારા જોઈ શકાય છે. શિક્ષક પણ જ્ઞાનનું વેચાણ કરનાર વેપારી છે. શિક્ષક એ સબ બંદરકા વેપારી છે. જીવનલક્ષી તમામ જ્ઞાનનું ભાથુ શિક્ષક દ્વારા મળી રહે છે. બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરીને પોતાના શિક્ષણરૂપી માલનું વેચાણ કરીને તેને ઉમદા નાગરિક તરીકે સર્વાંગ સંપૂર્ણ બનાવી અપેક્ષિત મંજીલ સુધી પહોંચાડે છે અને ત્યારે શિક્ષકને થતો આંતરિક પરિતોષ એ જ એનો નફો છે. શિક્ષણને વહેંચનાર અને વેચનાર એમ બંને પ્રકારના શિક્ષકો જોવા મળે છે. કોઈ શિક્ષકો ટ્યુશન જેવા અનૈતિક વેપાર દ્વારા પોતાના શિક્ષણરૂપી માલમાંથી ભૌતિક નફો મેળવે છે. એ અલગ વાત છે. બંને દૃષ્ટિકોણથી જોતા શિક્ષક એક વેપારી છે. એ નિર્વિવાદ હકીકત છે.

**તારણો :**

પ્રાથમિક શાળાના શિક્ષકને આપેલા રૂપકો અને તેના વર્ણનોનો અભ્યાસ કરતા જણાય છે કે સમાજમાં શિક્ષકનું સ્થાન શ્રેષ્ઠતમ છે.

# રાષ્ટ્રધ્વજનો ક્રમિક વિકાસ રાષ્ટ્રધ્વજ અને ધ્વજવંદનવિધિ

સંકલન : ડૉ. એ. વી. પટેલ
તંત્રી ''મૈત્રી'' ડાયટ, સંતરામપુર

**રાષ્ટ્રધ્વજનો ક્રમિક વિકાસ :**

૧૯૪૭ના ૨૨મી જુલાઈ એ ભારતની બંધારણ સભાએ ઠરાવ કરીને પોતાના દેશનો રાષ્ટ્રધ્વજ નિશ્ચિત કર્યો છે. આ ધ્વજમાં ત્રણ રંગ હોવાથી ત્રિરંગો કહેવાય છે. કેસરી - સફેદ - લીલા એમ ત્રણ રંગોના સરખી લંબાઈ પહોળાઈવાળા પટ્ટાનો બનેલો છે. સફેદ પટ્ટાની બરાબર વચમાં ઘેરા ભુરા રંગનું ચક્ર છે. આ ચરખાનું પ્રતિનિધિત્વ ધરાવે છે. ચક્રની આકૃતિ પ્રાચીન યુગના સમ્રાટ અશોકે સારનાથમાં બંધાવેલ સિંહ સ્થંભના મથાળાના ભાગમાંથી પસંદ કરવામાં આવી છે. ચક્રનો વ્યાસ સફેદ પટ્ટાની પહોળાઈ જેટલો જ હોવો જોઈએ ધ્વજની પહોળાઈ લંબાઈનું પ્રમાણ ૨:૩નું છે.

**પ્રથમ ધ્વજ :**

૨૦મી સદીની શરૂઆતમાં પરદેશ ગયેલા હિંદી વિદ્યાર્થીઓને એક વિચાર સ્ફુર્યો કે આપણા દેશનો અલગ રાષ્ટ્રધ્વજ હોવો જોઈએ તેથી સૌએ સાથે મળી ત્રણ રંગ વાળો રાષ્ટ્રધ્વજ તૈયાર કર્યો. મથાળાની પટ્ટી લીલા રંગની વચલી પટ્ટી કેસરી રંગની છેલ્લી પટ્ટી લાલ રંગની હતી. દરેક પટ્ટીમાં જુદા જુદા ચિન્હો હતાં. લીલા રંગની પટ્ટીમાં આઠ કમળ કેસરી પટ્ટીમાં દેવનાગરી લીપીમાં 'વંદેમાતરમ્' લખવામાં આવ્યું લાલ પટ્ટીમાં સૂર્ય અને ચંદ્ર આ બધાં ચિહ્નો સફેદ રંગનાં હતાં. દરેક કમળ ભારતનાં એક એક પ્રાંતનું પ્રતિનિધિ તરીકે હતું. આવો રાષ્ટ્રધ્વજ ૧૯૦૭માં ઑગસ્ટ માસમાં જર્મનીના સ્ટુટગાર્ડનમાં યોજાયેલ આંતર રાષ્ટ્રીય સમાજવાદી પરિષદમાં મેડમ કામા નામની સ્ત્રીએ હિંદનો ધ્વજ

ફરકાવ્યો હતો. આમ ભારતનો પ્રથમ ધ્વજ ભારતના બહાર જ સ્ફુર્યો, રચાયો અને દૂરદૂર દરિયાપાર જાહેર કરાયો.

**હોમરૂલ ધ્વજ :**

ઈ.સ. ૧૯૧૫માં મુંબઈમાં કોંગ્રેસના જુના કાર્યકર ડૉ. ડી. ડી. સાઠેર સ્વદેશ પાછા આવ્યા બાદ પોતાના રાષ્ટ્રીય  સ્વયંસેવક દળ માટે એક ધ્વજ તૈયાર કર્યો તે ધ્વજમાં અમેરીકન ધ્વજના તારા અને પટ્ટીઓની અસર હતી. આ ધ્વજમાં યુનિયન જેકુ ને સ્થાન આપવામાં આવ્યું હતું તથા જે વિચાર પ્રતિ લોકમાન્યતિલક હસ્યા હતાં તે ધ્વજ લોકપ્રિય બની શક્યો નહીં.

**લોક પ્રિય ત્રિરંગો :**

૧૯૨૧ હાલમાં વિજયવાડામાં અખિલ હિંદ મહાસમિતિની બેઠક મળી હતી. તે વખતે આંધ્રનાં એક યુવાને બે રંગવાળો ધ્વજ તૈયાર કર્યો હતો. આ ધ્વજનો ઉપરનો ભાગ લાલરંગ અને નીચેનો ભાગ લીલા રંગનો બનેલો હતો. આ રંગ ભારતની મુખ્ય બે કોમનાં પ્રતિક રૂપે હતાં. ગાંધીજીએ બાકીની સર્વે કોમનાં પ્રતિક રૂપે સફેદ રંગ જોડી દીધો. ગૃહ ઉદ્યોગોનાં પ્રતિકરૂપે રેંટીયો અંકિત કરવામાં આવ્યો આ રંગો નો ધ્યેય - ભાતૃત્વ - સમતા - અને સ્વતંત્રતા ના પ્રતિક ગણવામાં આવ્યો.

આ ધ્વજ, ધ્વજ આંદોલન વખતે ખૂબજ લોકપ્રિય બન્યો. આ ધ્વજને લોકપ્રિય બનાવવામાં હિંદુસ્તાની સેવાદળે ખૂબજ મહત્વનો ભાગ ભજવ્યો. ૧૯૨૮માં હિંદુસ્તાની સેવાદળોની ભરાયેલી એક પરીષદમાં ઠરાવ કરવામાં આવ્યો હતો. કે બધી કોંગ્રેસે સમિતિઓ અને સેવાદળની ટુકડીઓએ દરેક માસનાં છેલ્લા રવિવારે સવારના આઠ વાગે ધ્વજવંદન કરવું. તેવો આગ્રહ કરવામાં આવ્યો. બેલગાંવમાં ૧૯૨૪ની સાલમાં ભરાયેલ કોંગ્રેસના અધિવેશનના સમય સેવાદળે પહેલ વહેલી ધ્વજવંદન વિધિની રજૂઆત કરી.

૧૯૩૧ના ઓગસ્ટ માસમાં મુંબઈમાં ભરાયેલા અખિલ હિંદમહાસમિતિના અધિવેશનમાં મંજુરી આપવામાં આવી તે ઠરાવ નીચે મુજબનો છે.


રાષ્ટ્રધ્વજ પહેલાની માફક જ સમાન્તર ત્રણ પટ્ટીઓનો જ બનેલો રહેશે તેનો ક્રમ કેસરી - સફેદ - અને લીલો સફેદ પટ્ટીની વચનાં ઘેરા ભૂરા રંગનો ચરખો રહેશે.

આ રંગોના અર્થ સાંપ્રદાયિક દષ્ટિવાળી ના રહેતાં નીચે પ્રમાણે રહેશે.

**કેસરી :** શૌર્ય અને ત્યાગ. **સફેદ :** શાંતિ અને સત્ય. **લીલો :** શ્રદ્ધા અને ધૈર્ય - નિર્બળોની રક્ષા અને સહાયતાનું પ્રતિક તથા ચરખો આમ જનતાની આશાનું પ્રતિક ગણાશે. સમય જતાં ચરખાની જગ્યાએ ચક્ર રાખવાનું આવ્યું છે.

## ધ્વજ ક્ષેત્ર

**ધ્વજ વંદન વિધિ :**




(૧) બધાજ સ્વયંસેવકોએ તથા જનતા એ ધ્વજ સ્થંભ તરફ મોં રાખીને ઊભા રહેવું. (વિશ્રામ સ્થિતિ)

(૨) ધ્વજ ક્ષેત્રની બહારથી ધ્વજરક્ષકે સુચના રૂપે લાંબી વિસલ મારવી.

(૩) ''સાવધાન'' કહેતાની સાથે બધાએ સાવધાન સ્થિતિમાં આવવું.

(૪) ધીમી ગતિએ પણ ઊંચા સ્વરે 'વન્દેમાતરમ્'નું

ગીત ગાવું આ પહેલાં ધ્વજ રક્ષકે 'વંદેમાતરમ્ ગાયેંગે એવી સુચના કરવી.

(૫) પ્રમુખશ્રી પાસે ધ્વજ ફરકાવવો. આ માટે ધ્વજ રક્ષકે તથા પ્રમુખશ્રીએ ધ્વજની સામે ફરતાં એકબીજાની સામે ઊભા રહેવું.

(૬) ''સલામી આમ દો.''નો હુકમ મળતાં તુરત જ ખુલ્લા થતા ધ્વજ તરફ જોઈને બધાએ સલામી આપવી.

(૭) ''જૈ સે થે''ના હુકમ વખતે બધાએ પોતાના હાથ સાવધાનની સ્થિતિમાં નીચે લાવવા પછી ધ્વજ રક્ષકે તથા પ્રમુખશ્રી પહેલાંની માફક સ્વયંસેવકો તરફ ફરી જવું.

(૮) ધ્વજ રક્ષક તરફથી ''ધ્વજ ગીત ગાયેગે'' (ઝંડા ગીત) એવી સુચના આપ્યા પછી ''ઝંડા ઊંચા રહે હમારા''નું ગીત ગાવું.

(૯) વિશ્રામનો હુકમ મળતાંની સાથે સૌએ વિશ્રામની સ્થિતિમાં આવી જવું.

(૧૦) પ્રમુખશ્રીનું ટૂંકુ પણ ઉત્સાહ પ્રેરક પ્રવચન.

(૧૧) ''સાવધાન''નો હુકમ ધ્વજ રક્ષક આપશે.

(૧૨) રાષ્ટ્રગીત ગાયેંગે (જન ગણ મન)નો હુકમ ધ્વજ રક્ષક આપશે.

(૧૩) જય જય કાર – ''આઝાદ હિંદ – ઝિંદાબાદ'' ''કૌમી નારા – વંદેમાતરમ ''ભારત માતાકી – જય'' (જય જય કાર વખતે પહેલાં બે શબ્દો ધ્વજ રક્ષક બોલે ત્રીજો શબ્દ સ્વયંસેવકો તથા જનતા બોલે જય જયકાર એકજ વખત કરવો)

**ધ્વજ ઉતારવાની વિધિ :**

સૂર્યાસ્ત પહેલાં ધ્વજ ઉતારતી વખતે ધ્વજક્ષેત્રમાં હાજર રહેલી વ્યક્તિઓએ ધ્વજ રક્ષકે વગાડેલી લાંબી વીસલનો અવાજ સાંભળતાં જ જ્યાં હોય ત્યાં **સાવધાન**ની સ્થિતિમાં ઊભા રહેવું ધ્વજ ઉતારી લીધા બાદ ગડીવાડીને કોઈ પણ યોગ્ય સુરક્ષિત સ્થળે મુકી દેવો બીજી સીટીના અવાજ પછી સૌ કોઈ પોતાની ઈચ્છિત જગ્યાએ જઈ શકશે. (ધ્વજ ઉતારતી વખતે નીચે પડે નહીં તેની કાળજી રાખવી)

**ધ્વજ રક્ષકની ફરજો :**

ધ્વજ પ્રમુખશ્રીને બોલાવી લાવી ધ્વજ-સ્થંભની ડાબી બાજુ ઊભા રાખવા અને પોતે જમણી બાજુ ઊભા રહેવું. ધ્વજ ફરકાવવા માટે યોગ્ય દોરી ધ્વજ પ્રમુખશ્રીના જમણા હાથમાં આપવી. ધ્વજ પૂરે પૂરો ખુલ્લો થયા પછી **સલામી આમ** દો નો હુકમ આપવો અને તુરંત ખેંચેલી દોરી ધ્વજ સ્થંભે બરાબર બાંધી દીધા પછી પોતે ધ્વજને સલામી આપીને જૈસે થે નો હુકમ આપવો.

**જરૂરી સુચનાઓ :**

➤ ધ્વજ વંદન વિધિનો કાર્યક્રમ સૂર્યોદય બાદ અને ધ્વજ ઉતારવાની વિધિ સૂર્યાસ્તના સમયે કરવી.

➤ જે ધ્વજ ફરકાવવાનો હોય તેને અગાઉથી ગડી વાળીને ધ્વજ સ્થંભના ઉપરના મથાળે બાંધી દેવો જોઈએ.

➤ ધ્વજ સ્થંભની ટોચ ઉપર જ ધ્વજ ફરકાવવો કેસરી રંગનો પટ્ટો સૌથી ઉપર રહેવો જોઈએ.

➤ ખરાબ ઋતું (કમોસમ)માં ધ્વજ સ્થંભ ઉપરથી ધ્વજ ઉતારી લેવો જોઈએ.

➤ શોકના અવસરો પર સ્થંભ ટોચ ઉપરથી ધ્વજને નીચે ઉતારી અડધીકાઠીએ ફરકાવવો જયારે આવા અવસરો પર ધ્વજવંદન કે ધ્વજ ઉતારવાની વિધિ કરવામાં આવે ત્યારે ધ્વજને પહેલાં ધ્વજ સ્થંભની ટોચ ઉપર લઈ જઈને જ ક્રિયા કરવી.

➤ ધ્વજ વંદન માટે ધ્વજક્ષેત્ર આકૃતિ-૧ પ્રમાણે સ્પષ્ટ દોરી રાખવું.

➤ ફાટેલા, જુના અથવા જેનો રંગ ઉડી ગયો તેવા ધ્વજનો ઉપયોગ કરવો નહીં.

➤ ધ્વજની કોઈ વખત પૂજા ન કરવી જોઈએ તેમજ પુષ્પમાળાઓ વગેરેથી શણગારવો નહીં.

➤ ધ્વજ સ્થંભ સીધો હોવો જોઈએ અને જો તેને રંગવો હોય તો સફેદ રંગથીજ રંગવો. ધ્વજની દોરી મજબુત અને તેની લંબાઈ ધ્વજ સ્થંભથી બે ગણી લાંબી રાખવી ધ્વજ સ્થંભની ઉંચાઈ ધ્વજની પહોળાઈથી આઠગણી હોવી જોઈએ.

**સલામી કેવી રીતે કરવી :**


વ્યવસ્થિત સંગઠન કે સંસ્થા પોતાની પદ્ધતિ પ્રમાણે

સલામી આપશે જેમણે ટોપી પહેરી હશે તેઓ ટોપી ઊંચકશે અને ટોપી વગરના કપાળ પાસે ભ્રમરથી એક ઈંચ ઉપર ભેગી આંગળીઓ રાખી હથેળી સામે રહે તે રીતે સલામી આપશે.

ધ્વજની લંબાઈ પ્રમાણે અનુક્રમે ત્રણ ગડીઓ વાળવી અને પછીથી પહોળાઈ તરફથી નાની નાની ગડીઓ વાળવી તેમાં ત્રણ બાજુ કેસરી રંગ દેખાવો જોઈએ.

## દોરી કેવી રીતે બાંધવી

**રાષ્ટગીત**




ભારતની બંધારણ સભામાં **૨૪મી જાન્યુઆરી** ૧૯૫૦ના રોજ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે જન ગણ મન ને ભારતના રાષ્ટગીત તરીકે સ્વીકારવાની જાહેરાત કરી ગીતના મૂળ સ્વરૂપમાં ફેરફાર કરવાની જરૂર પડસે તો સરકાર સત્તાવાર રીતે ફેરફાર કરી શકશે અને વંદેમાતરમ જેણે ભારતના સ્વતંત્ર્ય સંગ્રામમાં ઐતિહાસિક ભાગ ભજવ્યો છે તેને પણ જન ગન મન જેટલો જ દરજ્જો અને સન્માન આપવામાં આવશે.

તા. ૨જીએ ૧૯૫૧ની ભારત સરકારના ગૃહખાતાની યાદીમાં જાહેર કરવામાં આવ્યું છે કે અત્યાર સુધીમાં જન ગણ મન ના મૂળ સ્વરૂપમાં કોઈપણ જાતનો ફેરફાર કરવામાં આવ્યો નથી અને નજીકના ભવિષ્યમાં આવો ફેરફાર કરવાની કોઈ શક્યતા પણ નથી.

**જન ગણ મન અધિનાયક**
- રાગ : મિશ્ર ખમાજ • તાલ : ત્રિતાલ
- રચનાર : રવીન્દ્રનાથ ઠાકુર
- પ્રસંગ : ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું અધિવેશન કલકત્તા.
- સૌ પ્રથમ ગવાયું : ૨૭ ડીસેમ્બર - ૧૯૧૧

**વંદે માતરમ**
- રાગ :- દેશ • તાલ :- કેરવ
- રચનાર : બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય
- પ્રસંગ : સને ૧૮૮૨માં પ્રકાશિત આનંદ મઠ નામની નવલકથામાં
- સમય : સને ૧૮૭૦ - ૧૮૮૦

**ધ્વજ - ગીત**
- રાગ : મિશ્ર ખમાજ • તાલ : ત્રિતાલ
- રચનાર : શ્યામલાલ, ગુપ્ત, પાર્ષદ
- પ્રસંગ : ભારતી રાષ્ટ્રીય કોંગ્રેસનું અધિવેશન-કાનપુર
- સને : ૧૯૨૫

**ભારતના રાષ્ટ્રગીત અંગેના નિયમો :**

➤ રાષ્ટ્રગીત તેના રાગ મુજબ ગાવું જોઈએ.

➤ રાષ્ટ્રગીત ધીરે ધીરે પણ બુલન્દ અવાજથી ગાવું જોઈએ.

➤ રાષ્ટ્રગીતનું જ્યાં યોગ્ય માન જાળવી ન શકાય ત્યાં ગાવું નહીં.

➤ જાહેર કાર્યક્રમોમાં ગીત ગવાતું હોય તો અગાઉથી સુચના આપી દેવી. હાજર રહેલા પ્રેક્ષકોએ ઊભા થઈ જવા સુચના આપી સાવધાનમાં ઊભા રહેવું.

➤ રાષ્ટ્રગીત સમુહમાં ગાવું જોઈએ એવો નિયમ છે પરંતુ રાષ્ટ્રગીત વાજા ઉપર વગાડાતું હોય ત્યારે બધાએ શાંતિથી ઊભા રહેવું જોઈએ.

➤ જાહેર કે ખાનગી કાર્યક્રમોમાં **વન્દેમાતરમ** કોઈપણ રૂકાવટ વગર ગાઈ કે વગાડી શકાય છે. કોઈપણ જગ્યાએ ગવાતું હોય કે વગાડાતું હોય ત્યારે રાષ્ટ્રગીત જેટલું માન આપવું જોઈએ. જ્યારે બન્ને ગીત ગાવાના હોય ત્યારે વંદેમાતરમ સૌ પ્રથમ ગાવું અને રાષ્ટ્રગીત છેલ્લે ગાવું જોઈએ.

➤ ધ્વજ વંદન સમયે રાષ્ટ્રગીત કાર્યક્રમના અંતે ગાવું. જો બેન્ડ ઉપર વગાડવાનું તો ''સલામી આપશે''ના હુકમ વખતે ધ્વજ ફરકાવવાની સાથે જ વગાડવાનું શરૂ કરવું જોઈએ અને ગીત પૂર્ણ ન થાય ત્યાં સુધી સ્વયંસેવકો એ તેમજ આમ જનતા એ સલામી આપેલી ચાલુ રાખવી.

**રાષ્ટ્રધ્વજનું માપ :**

રાષ્ટ્રધ્વજ જુદા જુદા પાંચ પ્રમાણભૂત માપમાં બનાવવામાં આવે છે. જે-તે સ્થળ અને પ્રસંગને અનુરૂપ યોગ્ય માપના ધ્વજનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે,

(૧) ૨૧ ફૂટ x ૧૪ ફૂટ = ૬.૪૦ મીટર x ૪.૨૭ મીટર
(૨) ૧૨ ફૂટ x ૮ ફૂટ = ૩.૬૬ મીટર x ૨.૪૪ મીટર
(૩) ૬ ફૂટ x ૪ ફૂટ = ૧.૮૩ મીટર x ૧.૨૨ મીટર
(૪) ૩ ફૂટ x ૨ ફૂટ = ૯૧ સે.મી. x ૬૧ સે.મી.
(૫) ૯ ઈંચ x ૬ ઈંચ = ૨૩ સે.મી. x ૧૫ સે.મી.

સામાન્ય રીતે, શાળાઓમાં ધ્વજવંદન વિધિમાં ત્રીજા કે ચોથા ક્રમ દર્શાવેલા માપના ધ્વજનો ઉપયોગ કરવામાં આવે છે. પાંચમા ક્રમે દર્શાવેલા માપનો ધ્વજ મોટરકાર પર રાખવામાં આવે છે.

**રાષ્ટ્રધ્વજ ક્યારે લહેરાવવામાં આવે છે ?**

નીચે દર્શાવેલ પ્રસંગોએ રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવે છે :

**(૧) ગણતંત્ર દિવસ :** પ્રજાસત્તાક દિવસ : ૨૬મી જાન્યુઆરી

**(૨) રાષ્ટ્રીય સપ્તાહ :** ૬ થી ૧૨ એપ્રિલ : જલિયાંવાલા બાગના શહીદોની સ્મૃતિમાં

**(૩) સ્વતંત્રતા દિવસ :** ૧૫મી ઓગસ્ટ

**(૪) મહાત્મા ગાંધીનો જન્મદિવસ :** ૨ ઓક્ટોબર

**(૫) ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવતો રાષ્ટ્રીય હર્ષોલ્લાસનો અન્ય કોઈ વિશિષ્ટ દિવસ.** અત્રે યાદ રહે કે રાષ્ટ્રધ્વજ જે-તે વિશિષ્ટ દિવસની સવારે જ લહેરાવી શકાય. આગલા દિવસથી લહેરાવવો ન જોઈએ. અને સંધ્યાકાળ પહેલાં રાષ્ટ્રધ્વજને આદર સાથે નીચે ઉતારી લેવામાં આવે છે.

## ૧૫મી ઓગસ્ટ

- ૧૫મી ઓગસ્ટ એ આપણો રાષ્ટ્રીય તહેવાર છે.
- ૧૫મી ઓગસ્ટ એ આઝાદી મળ્યા નો દિવસ છે.
- ૧૫મી ઓગસ્ટ એ તે આપણો **'આઝાદી દીન'** કહેવાય છે.
- ૧૫મી ઓગસ્ટને **સ્વાતંત્ર્ય દિન** તરીકે ઓળખાય છે.
- આપણો દેશ ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭થી આઝાદ થયો. એટલે ભારતની પ્રજા પંદરમી ઓગસ્ટની તારીખે **'આઝાદી દીન'** કહેવાય છે.
- ૧૯૪૭માં અંગ્રેજો ભારત છોડી ગયા. એટલે એ વખતે પુરી આઝાદી ન હોતી આપી. તેમણે બ્રિટિશ રાજયના અંગ તરીકે રાખ્યો હતો.
- ૧૫મી ઓગસ્ટના દિવસે દિલ્હીમાં **આપણા વડાપ્રધાન લાલ કિલ્લા પર રાષ્ટ્રધ્વજ** ફરકાવે છે. અને રાષ્ટ્રને સંબોધન કરે છે.

## ૨૬મી જાન્યુઆરી

- ૨૬મી જાન્યુઆરી એ આપણો રાષ્ટ્રીય તહેવાર છે.
- ૨૬મી જાન્યુઆરીના દિવસને **'પ્રજાસત્તાક દિન'** તરીકે ઓળખાય છે.
- ૨૬મી જાન્યુઆરીએ **'ગણતંત્ર દિવસ'** કહેવાય છે.
- ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ ને દિવસે આપણો દેશ રાજાનો નહીં પણ લોકોનો દેશ થયો. રાજાઓ ગયા અને લોકોનું રાજ આવ્યું. આપણો દેશ પ્રજાસત્તાક દેશ બન્યો.
- ભારત ને પ્રજાની પૂર્ણ સત્તાવાળો દેશ જાહેર કર્યો આની ખુશાલીમાં દર વર્ષે ૨૬મી જાન્યુઆરીના દિવસે **'પ્રજાસત્તાક દિન'** તરીકે ઓળખાય છે.
- દેશનું બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકર હતા. આ બંધારણ ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ અમલમાં આવ્યું. આ દિવસથી ભારત સર્વભૌમ પ્રજાસત્તાક બન્યું.
- ૨૬મી જાન્યુઆરીના દિવસે **આપણા રાષ્ટ્રપતિ લાલ કિલ્લા પર રાષ્ટ્રધ્વજ** ફરકાવે છે. અને રાષ્ટ્ર ને સંબોધન કરે છે. લશ્કરની ત્રણેય પાંખની પરેડ થાય છે.
- ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારત દેશને અંગ્રેજ રાજયના અંગ તરીકે ગણવાનું બંધ કરવામાં આવ્યું.
- ઈંગ્લેન્ડના રાજા વતી વહીવટ ચલાવવા ગર્વનર જનરલ-વાઈસરોય નીમવાની પ્રથા બંધ કરવામાં આવી અને ભારતને પૂર્ણ સત્તાવાળો દેશ જાહેર કર્યો. આની ખુશાલીમાં દર વર્ષે ૨૬મી જાન્યુઆરીના દિવસે પ્રજાસત્તાક દિન તરીકે ઉજવવાનું ઠરાવવામાં આવ્યું.

# વિચાર મંથન

ડૉ. એ. વી. પટેલ સિ. લેકચરર
તંત્રી ''મૈત્રી'' ડાયટ, સંતરામપુર

સાચા અર્થમાં સામાજિક પરિવર્તનનો દૂત બની શકે જેને શિક્ષણની અને સમાજની બહોળી આંતરીક સુઝ હોય, શિક્ષણની બધી સંકલ્પનાઓથી અવગત હોય તે સમર્થ શિક્ષક

વિશિષ્ટ અને ઊંડાણપૂર્વકના શિક્ષણ માટે શિક્ષણની વિવિધ પ્રક્રિયાઓ જાણતો હોય અને વ્યવહારમાં અમલમાં મૂકી શકતો હોય.

સતત મુલ્યાંકન કરતો રહે અને તેના નિચોડના આધારે તેની પદ્ધતિ, પ્રયુક્તિ અને પ્રક્રિયામાં પરિવર્તન લાવી સતત પ્રગતિના શિખરે પહોંચવા અવિરત પણે હતાશ થયા વગર મંડ્યો રહે.

કેળવણી, ગુણવત્તા, ક્ષમતા, પારંગતતા, અધ્યયન-અધ્યાપન અને મુલ્યો જેવી સંકલ્પનાઓ જાણે અને તે સિદ્ધ કરવા સાધનો મેળવે તેમજ સાધનો જાતે નિર્માણ કરે અને વિકસાવે.

સતત અધ્યયનશીલ હોય અને તેની વ્યવસાયિક સજ્જતાનો આંક ઊંચો હોય, જે પોતાના વ્યવસાયના લક્ષણો જાણે અને અન્યત્વ વિકસાવી શકતો હોય તે સમર્થ શિક્ષક.

જે આનંદમય રહી વર્ગનું ભાવાવરણ આનંદમય બનાવી શકે. સતત આશાવાદી અને ઊદ્યમી હોય અને વાસ્તવિકતા સ્વીકારી સતત પ્રગતિલક્ષી વિચારો અને કાર્યોમાં રમણ કરતો હોય તે સમર્થ શિક્ષક

જે પોતાના શિક્ષક તરીકેના મૂળ અને કૂળના લક્ષણો જાણી પોતાનામાં વિકસાવે એવો સદ્ભાવના, સદ્વિચાર અને સદ્વર્તનીય ગુણોનો ભંડારી હોય.

જે વિદ્યાર્થીને ઓળખે તેનું સમૃદ્ધિકરણ કરે અને તેની પ્રગતિ સતત ઉદ્ધીકૃત થાય તે માટે સતત ચિંતીત અને પ્રવૃત્તિશીલ રહી પ્રતિપોષણનો ભંડાર લુટાવે.

સમસ્યાઓના સાગરમાં ઝઝુમી, સમાધાન કરી પ્રયત્નોના પુલ પર પસાર થઈ જાય તે સમર્થ શિક્ષક.

આમ આવો હોય સમર્થ શિક્ષક, આવા સમર્થ શિક્ષક આપણે પણ બનીએ અને તે માટે **શિક્ષક તરીકે નીચેની આચાર સંહિતાનું નિષ્ઠાથી પ્રામાણિકપણે પાલન કરીએ.**

(૧) શિક્ષકની શિક્ષણ અંગેની બધી પ્રક્રિયાઓ ક્ષમતાલક્ષી અને મૂલ્યલક્ષી હોવી જોઈએ.

(૨) ગુણવત્તાનું સાર્વત્રીકરણ કરવા વર્ગખંડના બધાજ વિદ્યાર્થીઓને ભણતરના કામમાં સામેલ કરીએ.

(૩) ધીમે ધીમે જૂથ કાર્યોની માત્રા વધારીએ.

(૪) સ્વયંશિક્ષણની માત્રા વધારીએ.

(૫) શિક્ષક નિર્દેશીત અધ્યયનની માત્રા વધારીએ.

(૬) અભ્યાસક્રમના કઠીન મુદ્દાના શિક્ષણ માટે વધારે સમય ફાળવીએ, દૃષ્ટિકરણ વધારીએ અને વારંવાર પુનરાવર્તન કરીએ.

(૭) સતત મૂલ્યાંકન કરતાં રહીએ.

(૮) સામાયિક મૂલ્યાંકન કરતાં રહીએ અને કયો વિદ્યાર્થી ક્યાં કાચો છે, તે જાણી નિદાન કરી તેને પાકો કરવાનો ઉપચાર કરીએ અને સારા વિદ્યાર્થીને વધુ સારો બનાવી તેનું સમૃદ્ધિકરણ કરીએ.

(૯) પ્રવૃત્તિ કેન્દ્રી શિક્ષણકાર્ય કરો તો એકાગ્રતા આવશે, શિક્ષણમાં રસ વધશે અને શિક્ષણ ચિરંજીવી બનશે. તે માટે વર્ગખંડમાં, વર્ગખંડની બહાર અને શાળા બહારની પ્રવૃત્તિઓ કરાવીએ.

(૧૦) અતિશયોક્તિ ન થાય તે રીતે આનંદપૂર્વક રસમય રીતે ભણાવીએ.

આમ આ આચારસંહિતાનું પાલન કરીએ અને સાથે સાથે **પાંચ પ્રકારની નિષ્ઠા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરીએ.**

**(૧) વિદ્યાર્થી નિષ્ઠા :** વિદ્યાર્થી પર પ્રેમ વરસાવી તેની પ્રગતિની ચિંતા અને તે માટેના સહેતુક પ્રયત્નો કરવા.

**(૨) સમાજનિષ્ઠા :** સમાજના સેવક બની સમાજના નવનિર્માણ માટે તેના આધારસ્તંભ એવા ભાવિ નાગરિક સમાજની માંગ પ્રમાણે તૈયાર કરવા.

**(૩) વ્યવસાય નિષ્ઠા :** ગુરૂ તરીકે પોતાના વ્યવસાયના લક્ષણો જાણી તેમાં સામર્થ્ય પ્રાપ્ત કરે અને પોતાનું શિક્ષકતત્વ વિકસાવી પ્રમાણિકપણે પોતાની જવાબદારી અદા કરે.

**(૪) ઉત્કૃષ્ઠતા નિષ્ઠા :** જે કાંઈ કાર્ય કરીએ તે નિષ્પક્ષપણે સારુ કરીએ તે ખૂબ સારુ બને તે માટેના સતત પ્રયત્નો કરીએ.

**(૫) મૂલ્ય નિષ્ઠા :** જીવનમાં મૂલ્યો ઉતારી વિદ્યાર્થીઓમાં મૂલ્યો પ્રદિપ્ત કરવાની એકે તક જતી ન કરે અને સતત મૂલ્યનિષ્ઠ બની રહે.

ઉપરોક્ત આચારસંહિતાનું અમલીકરણ અને નિષ્ઠા સુધારના પ્રયત્નો કરીએ તો આપણે અવશ્ય સમર્થ શિક્ષક બની શકીશું.

શિક્ષણની ગુણવત્તાના સર્વવ્યાપીકરણ માટે માંડેલા ડગલા પાછા નહી હટાવીએ અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સતત અવિરતપણે મંડ્યાં રહીશું આ માટે આપણે એકલપંથી બનીને પણ આગળ વધીશું અને આપણે ચિતરેલી કેડીને રાજમાર્ગ સુધી વિકસાવીશું તોજ એકવીસમી સદીનું ભવિષ્ય ઉજ્જવળ છે, અન્યથા નહીં, આદરણીય ગુરૂજનો મને ખાતરી છે, આ કામ આપણેજ કરતાં આવ્યા છીએ અને આપણે જ કરીશું એ માટે પરમકૃપાળુ પરમાત્મા પ્રેરણા દૃષ્ટિ, આત્મવિશ્વાસ હિંમત અને શક્તિ અર્પે એજ અભ્યર્થના.

## સરદાર વલ્લભભાઈ પટેલના મૂલ્યલક્ષી વિચારબિંદુ

- હિંદુસ્તાનમાં હિંદુનું નહીં, મુસલમાનનું નહીં પણ હિન્દુસ્તાનીઓનું રાજ ચાલવું જોઈએ.
- કોમી એકતા એ રામરાજ્યનું પ્રથમ પગથિયું છે.
- આપણે આ જ મુલકમાં રહેવું છે. આખરે હિંદુ-મુસલમાન સઘળા મુલકના વસનારા છીએ. આપણે ભાઈ ભાઈ તરીકે રહેવું છે.
- કિસાનોમાં હિંદુ-મુસલમાન કે નાત-જાતના ભેદભાવ હોય જ નહીં ધરતી ખેડીને મહેનતથી ધન પેદા કરનારા અનેક નાના જમીનદાર, કિસાન કે ખેતીકામમાં મદદ કરનાર ચાહે ગમે તે ધર્મ કે જાતિનો હોય તે પણ એ બધા કિસાન જ છે.
- કુદરતમાં કદી નાતજાત કે ધર્મનો ભેદભાવ જોવામાં આવ્યો નથી અને આવશે પણ નહીં.
- પ્રજાને સાચી સત્તા સોંપવામાં આવે તો પછી એ રાજતંત્ર ગમે તે નામથી ઓળખવામાં આવે. એના મિથ્યા વાદમાં પડવાની જરૂર નથી.
- રાજ્યને સાચી વાત કહી દેવી જોઈએ ને તેમ કરતાં ગમે તે દુઃખ કે આપત્તિ આવી પડે તે સહન કરવા તૈયાર થવું જોઈએ. એનું નામ ખરો રાજધર્મ છે. પ્રજાનો એ સાચો ધર્મ છે.
- પ્રજાનો વિશ્વાસ એ રાજ્યની નિર્ભયતાની નિશાની છે.
- નબળાનું રક્ષણ કરવું એ રાજ્યનો ધર્મ છે. સબળા તો પોતાનું રક્ષણ કરી શકે છે, પણ જો નબળાનું રક્ષણ રાજ્ય ન કરે તો બીજું કોણ કરે ?
- તમને (સરકારને) ગુમાન હશે કે આપણા પાસે રાવણ કરતા વધારે સામર્થ્ય છે પણ રાવણ બાર મહિના સુધી એક વાડીમાં પૂરેલી અબળાને વશ ન કરી શક્યો અને એનું રાજ્ય રોળાઈ ગયું.
- ગરીબ લત્તાઓમાં કેવી સ્થિતિ છે તે પરથી મ્યુનિસિપાલિટીના કારભારની પરીક્ષા થાય છે.
- ગામડાંના દુઃખ જેણે જોયાં નથી તેમને ખરા દુઃખનો ખ્યાલ આવવો મુશ્કેલ છે.
- જીતની ઘડીએ આપણે વધારે નમ્ર થવું જોઈએ.
- હારજીત આપનાર ઈશ્વર છે. જીત્યા પછી ગુમાનમાં આવનાર ત્યાં ને ત્યાં જ હારી જાય છે.
- આજનો આપણો શો ધર્મ છે ? આવતીકાલે કોઈ આપણને મદદ કરનાર છે. તેથી આજે બેસી રહીએ તો આજ બગડવાની અને કાલ તો બગડવાની જ છે.
- જોખમના ડરથી પ્રજાની ઉન્નતિના મહાન અખતરા કોઈએ છોડી દીધા છે ખરા ?
- ગટરમાં ગંગાજળના ચાર છાંટા નાખવાથી ગટર થોડીજ પવિત્ર થવાની હતી ?
- જે માણસ અધ્ધર ચઢે છે તેને તો પડવાનો પણ ભય છે પણ જે જમીન પર ચાલે છે તેને ભય નથી.

- જેનું કામ જ બોલે છે તે ખરો સેવક થઈ શકે છે. એ મૂંગો હોય તો પણ છેવટે એનું કામ એને બહાર લાવે છે.
- પ્રસંગે બોલવું શોભે છે પણ પ્રસંગ વિનાનું બોલવુ મહા મહિનાના માવઠા જેવું નકામું છે.
- આખરે લોકો ઉપર છાપ તો આપણા ચારિત્ર્યની જ પડવાની છે. સેવક જેટલો ત્યાગી, સંયમી, સેવાભાવી અને ધીરજવાળો છે એ છાપ લોકો ઉપર પડે છે.
- સેવાધર્મ કઠણ છે. કાંટાની પથારી પર સૂવા જેવો છે. સત્તામાં જેટલો મોહ છે, પડવાનાં જોખમો છે તેટલાં સેવાની સત્તામાં પણ પડેલા છે.
- આ પુણ્યભૂમિમાં ધનવાનો, જમીનદારો કે સત્તાધીશોની પૂજા કોઈ દિવસ નથી થઈ. ત્યાગી અને તપસ્વીઓના ચરણોમાં ધનવાનો, જાગીરદારો ને સત્તાધીશો શિર ઝુકાવતા આવ્યા છે.
- લક્ષાધિપતિના અશુદ્ધ લાખ રૂપિયા કરતાં શુદ્ધ હૃદયના ગરીબની કોડીની કિંમત વિશેષ છે.
- હિન્દુ-મુસલમાનની એકતા એ હજુ એક કૂમળું વૃક્ષ છે. એ કેટલાય વખત સુધી અતિશય સંભાળથી પોષવું જોઈએ. હજી આપણાં મન જોઈએ તેટલાં સ્વચ્છ નથી. દરેક બાબતમાં એકબીજાનો અવિશ્વાસ રાખવાની આપણને આદત પડી ગઈ છે, તે જતી નથી એ એકતાને તોડી પાડવાના અનેક પ્રકારનાં પ્રપંચો અને પ્રયત્નો થશે.
- રાજકારણમાંતો મેલા પાણીમાંજ તરવાનું હોય છે.
- જુલમીમાં જુલમી રાજ્ય પણ પ્રજા એકત્ર થાય છે ત્યારે સામે ટકી શકતું નથી.
- કોઈ પણ રાજ્ય પ્રજા ઉપર ગમે તેટલું ગરમ થાય તો તેને છેવટે ઠંડું પડ્યા વિના છુટકો નથી.
- જો ખેડૂતોને બચાવવા હોય, ગામડાં સજીવન કરવાં હોય, ચોરી, ખટપટ અને લૂંટો કાઢી નાખવી હોય તો જવાબદાર રાજતંત્ર સિવાય બીજો કોઈ માર્ગ નથી.
- સખત વાવાઝોડું થાય છે ત્યારે એકલું ઝાડ પડી જાય છે. પણ બીજા ઝાડના સમૂહમાં જે હોય તે બચી જાય છે.
- લોઢું ગરમ થાય છે. ત્યારે લાલચોળ થાય છે. અને તેમાંથી તણખા ઊડે છે. પણ લોઢું ગમે તેટલું ગરમ થાય. હથોડાએ તો ઠંડા જ રહેવું ઘટે. હથોડો ગરમ થાય તો પોતાનો જ હાથો બાળે. લોઢાનો ઈચ્છાપૂર્વક ઘાટ ઘડવો હોય તો હથોડાને ગરમ થવું ન પાલવે, માટે ગમે તેવી આપત્તિમાં આપણે ગરમ ન જ થઈએ.
- આપણે ત્યાં તો આજે સરકારના તંત્રમાં પડેલા માણસો ચોથા ભાગનું કામ કરે છે. સરકારે થાકીને પે કમિશન બેસાડ્યું. લડાઈમાં ખાતાં વધાર્યા, પગારો વધાર્યા. હવે એ ઓછા કરવાનો વખત આવ્યો છે.
- જેની પડખે પ્રજા નથી એના ભૂંડા હાલ થવાના છે.
- સત્તાધીશોની સત્તા તેમના મૃત્યુ સાથે જ સમાપ્ત થાય છે, જ્યારે મહાન દેશભક્તોની સત્તા તેમના મૃત્યુ પછી જ ખરો અમલ ચલાવે છે.
- આ રાજ્યમાં કિસાનને સૌ કોઈ બિચારો, ગરીબ, કંગાળ અને મૂરખ કહીને ચઢાવે છે. આ રાજ્યમાં તેની ગણતરી માણસ તરીકે નથી થતી.
- આ દેશમાં ખેડૂત પર જે જુલમ થાય છે તે હવે અસહ્ય છે. ખેડૂત જ એક એવો છે, જેના ઉપર જેટલો કરવો હોય તેટલો જુલમ કરાય. એવું અંગ્રેજી સરકાર માને છે.
- આ ધરતી પર જો કોઈને પણ છાતી કાઢીને ચાલવાનો અધિકાર હોય તો તે ધરતીમાંથી ધનધાન્ય પેદા કરનાર ખેડૂતને જ છે.
- હું તો તમને (ખેડૂતોને) ત્રણ વસ્તુ સમજાવવા માગું છું. તમે તમારી ઓલાદ સુધારો. તમારા ઢોરની ઓલાદ સુધારો તમારા પાકની ઓલાદ સુધારો.
- ખેડૂતમાં કંકાસ, કુસંપ ને કજિયા ગામેગામ છે. આમાં ખેડૂતો પોતે નહીં સમજે તો બીજું કોઈ સમજાવશે ?
- આજે જો દેશને કોઈ અસાધ્ય રોગ લાગુ પડેલો હોય તો તે આપણાં શહેરો છે. એટલે દેશને શરીરે

ગુમડાં થયાં છે એમ સમજજો. દેશનું સાચું લોહી એ ગામડામાં છે.

➤ આપણા શહેરો નથી શહેરોમાં ને નથી ગામડામાં શહેરોમાં વસતા છતાં અડધા લોકો ગ્રામજીવન ગાળતા હોય છે.

➤ આપણી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ જોતા ને આપણાં શહેરોમાં પ્રવેશ કરતાં પરદેશીઓને કોઈ જગ્યાએ સ્વરાજનું ચિહ્ન માલૂમ પડે એવું નથી. ગમે ત્યાં થૂંકવાની, ગમે ત્યાં લઘુશંકાએ બેસવાની, ગમે ત્યાં થૂંકવાની, ગમે ત્યાં ગંદકી કરવાની લોકોને ટેવો છે.

➤ ગામડાંની સ્થિતિ શહેરો કરતાં સારી નથી.

➤ ગામડાં ભાંગશે તો શહેરો રહી નહીં શકે.

➤ ગામડાંનું સ્વરૂપ આજે ભયંકર બની ગયું છે અને તેને પહોંચી વળવા સામગ્રી આપવી પડશે. નહીં તો આખુ ગુજરાત ખેદાનમેદાન થશે.

➤ પશ્ચિમનો સુધારો અશાંતિનું મૂળ છે. રાજા પ્રજા વચ્ચે ક્લેશ કરાવનાર, સલ્તનતોના ભુક્કા ઉડાવનાર, મહાન રાજ્યોને ગ્રહોની માફક અથડાવી પૃથ્વીનો પ્રલય આણનાર, માલિકો ને મજૂરો વચ્ચે યાદવાસ્થળી મચાવનાર પશ્ચિમનો સુધારો શેતાની શસ્ત્રો અને સામગ્રી ઉપર રચાયેલો છે.

➤ હિન્દુસ્તાન એ (પશ્ચિમના) સુધારાની પાછળ દોડતાં હંમેશાં પાછળ જ રહેવાનું. તે આ ભૂમિને અનુકુળજ નથી.

➤ હું કહું છું કે આપણી બહેનો, માતાઓ, સ્ત્રીઓ આપણી સાથે નહીં હોયતો આપણે આગળ ચાલી શકવાના નથી.

➤ મારું જો ચાલતું હોય તો બધી બહેનોને હું કહું કે આવા બીકણ અને બાયલાઓની સ્ત્રીઓ બનવા કરતાં એમને છેડા ફાડી આપો.

➤ બધી ઉન્નતિની કૂંચી જ સ્ત્રીની ઉન્નતિમાં છે, એટલું તમે સમજો એટલે પહેલો અધ્યાય આપણે પૂરો કર્યો.

➤ આપણે નવા જમાનાને અનુકૂળ થવું જોઈએ. છોકરાને ભણાવીએ અને છોકરીને ન ભણાવીએ તો એ કજોડું થાય. બંને દુ:ખી થાય.

➤ સ્ત્રી જેટલી શક્તિ તો પુરુષોમાં પણ નથી. સ્ત્રીઓની સહનશક્તિ ઘણી જ હોય છે. સ્ત્રીઓએ તો પુરુષોમાં પણ શક્તિ પૂરી છે.

➤ માતાનું વાત્સલ્ય એ પ્રકારનું છે કે એની ખોટ કોઈ બીજું પૂરી પાડી શકતું નથી.

➤ તમે અબળા છો એમ શા સારુ માનો છો ? તમે તો શક્તિ છો. પોતાની માતા વિના કયો પુરુષ પૃથ્વી પર અવતર્યો છે ?

➤ પરદેશી ભાષાના વાહન દ્વારા કેળવણી આપવાની પદ્ધતિથી આપણા જુવાનોની બુદ્ધિના વિકાસમાં મોટી મુશ્કેલી ઊભી થાય છે.

➤ કેળવણી બે પ્રકારની છે : એક કેળવણી માણસને માણસાઈનું ભાન કરાવે છે, બીજી માણસની માણસાઈ લઈ લે છે.

➤ શિક્ષકને આજે તો વિદ્યાર્થીને ભણાવવાની પણ પડી નથી. વેઠિયું કામ થઈ ગયું છે અને એથી સમાજને પણ શિક્ષકની પડી નથી.

➤ તમે એક પણ ચોપડી ન વાંચો તો ચાલે. ચારિત્ર્ય ખીલ્યું હશે તો બુદ્ધિ પણ ખૂબ ખીલવાની છે.

➤ બાળકમાં બચપણથી મનુષ્યત્વની ભાવના જાગ્રત થાય એમ કરવું જોઈએ.

➤ શિક્ષકોએ કોઈ પણ પ્રકારનું વ્યસન નહીં રાખવું જોઈએ.

➤ જેને માટલાં ઘડવાનાં નથી પણ માણસ ઘડવાના છે એને કોઈ પણ પ્રકારનું વ્યસન ન હોવું જોઈએ.

➤ પહેલું ભણતર જ એ છે કે સભ્યતાથી બોલતાં શીખવું.

➤ ગુનો કરે એ રાંક બની જાય છે. ગુનો કરનાર ઉપર બીજા ચડી બેસે છે.

➤ દેશમાં છપ્પન લાખ નિરક્ષર બાવાઓ ભૂખે નથી મરતા તો તમે (યુવકો) એવી શંકા શું કરવા કરો ?

➤ જેને ખુશામત પ્રિય હોય છે તેની સાચી વાત મીઠી ભાષામાં કહે તે પણ કડવી લાગે છે.

➤ તમે ખુશામત છોડી દેજો. તેના જેવો ઝેરી રોગ નથી.

➤ પ્રાણ લેવાનો અધિકાર તો ઈશ્વરને છે.

- તમે દરેક ઠેકાણે ડોક નીચી ન કરો. તમારું માથું સર્જનહારને નમે, બીજા કોઈને ન નમે. મરદનું માથું મરદને નમે.
- જેણે ઈશ્વરી ઓળખાણ કરી એને તો જગતમાં કશું અસ્પૃશ્ય નથી.
- ભગવાન દુઃખીમાં દુઃખી માણસમાં પડેલો છે. એ કાંઈ મહેલમાં જતો નથી. મારી ઈશ્વર પ્રત્યે પ્રાર્થના છે કે આપણને બધાંને એ અંતઃદષ્ટિની શક્તિ આપે.
- ભગવાન કોઈને બીજાના દોષો માટે સજા કરતો નથી. દરેક માણસ પોતાના જ દોષે દુઃખી થાય છે.
- રામનામનું રટણ કરવાથી બીજું બધું દુઃખ કે વિયોગ ભુલી જવાય એટલે આનંદમાં દિવસ ગાળવાનો સરસ ઉપાય ઈશ્વર ભજનજ છે.
- આપણે તો એટલી શ્રદ્ધા રાખીએ કે સાચા કામમાં ઈશ્વર આપણી સાથે છે, આપણને મદદ કરશે.
- કોઈના પસીનાના પૈસા ખોટા કરશો તો ઈશ્વર આપણું ખોટું કરશે.
- જે માણસ સિપાઈગીરી નથી જાણતો એ સેનાપતિ નથી થઈ શકતો.
- સુખ અને દુઃખ મનનું કારણ છે. માણસ જો પોતાનું મન મજબૂત કરે છે તો એને દુઃખ નથી લાગતું.
- સંતને દુભાવેલા કદી સુખી થતાં નથી.
- પાછલું દુઃખ રડવું એ કાયરનું કામ છે.
- આપણા દુઃખ માટે આપણાં પાપ જવાબદાર છે.
- સુખ દુઃખ એ તો કાગળિયાનાં ગોટા છે.
- જો તમને દુઃખ આવશે તો તે તમારી અંદરની નબળાઈના લીધે આવશે.
- તમારી પાસે કોઈ દુઃખી માણસ આવે તો તમારી શેતરંજી ઉપર બેસાડજો અને તમે ભોંયે બેસજો. તો સામેથી તમારે સુખ આવવાનું છે.
- ચિંતા કરવી નહીં જેટલું દુઃખ ભોગવવાનું હશે એટલું ભોગવ્યેજ છૂટકો છે.
- આપણે આપણો ધર્મ બજાવી છૂટીએ તો આ દુઃખથી ભરેલા સંસારમાં સુખીજ થઈએ.
- શારીરિક દુઃખ કરતાં માનસિક દુઃખ વધારે ખરાબ છે.
- મરણ કોઈને છોડવાનું નથી તિજોરીમાં પેસશો તો પણ તેમને પકડશે તો પછી ભાગવું શા માટે ?
- જે વસ્તુ નસીબમાં લખેલી છે અને જન્મથી સાથે છે એનો ભય, ડર શો ? એ તો ખુશીનો દિવસ છે.
- જેની તૂટી એની બુટી નથી અને જેની તૂટી નથી એને કોઈ તોડી નથી શકવાનું મજબૂતને તો મરણ આવ્યે હર્ષ થાય કે છૂટ્યા.
- આ શરીરનો ઘડનાર તેના મરણને માટે સમય, સ્થાન અને કારણ એ ત્રણેનું પડીકું વાળીને શરીરમાં મૂકી દે છે.
- એક જ વાત ધ્યાનમાં રાખવાની છે કે મરવાનું એક જ વખત છે. દરેકને માટે કાથી ને વાંસ સિવાય બીજું છે જ નહીં. તમારી સાથે એવી કઈ ચીજ છે કે તમે સાથે લો છો ?
- બંદૂકના રસ્તા ખોટા છે. જે મોતથી ડરે છે તેને માટે બંદૂક છે.
- જમના દૂતથી કોઈ સંતાયેલો રહી શકવાનો નથી. તે તો દુનિયાના પડ ઉપર કોઈ પણ ઠેકાણેથી શોધી કાઢશે.
- આપણે પોતે જ અન્યાયી થઈએ તો બીજા પાસે આપણો ન્યાય ન મંગાય ભૂલેલાને માફી આપો. તેમની જોડે મહોબત કરો.
- આપસમાં ઝઘડવાથી શક્તિ નાશ પામે છે. આપણી સંસ્કૃતિ શાંતિ ઉપર રચાઈ છે. મરવાની હશે તે એના પોષે મરશે. જે કામ મોહબ્બતથી થાય છે તે વેરઝેરથી નથી થતું.
- જો એકવાર મરવાનું જ છે તો કૂતરાનાં મોતે શા માટે મરવું ? જ્યાં સુધી તમે આ વસ્તુ જાણી નથી લીધી ત્યાં સુધી ડર રહે છે.
- પંચમહાભૂતનું આ શરીર બનેલું છે. એની ભીતરમાં જે શક્તિ રહેલી છે તેનો પરિચય કરવો જોઈએ. દુનિયા પેદા થઈ ત્યાંથી કોઈ અમર નથી થયો.

- જે પોતાની આંખમાં મેલ નથી રાખતો, કુદૃષ્ટિ નથી કરતો, જેણે સંયમ કર્યો છે, એનો આત્મા છેવટે ઈશ્વરમાં ભળી જાય છે.
- જે માતાનું દૂધ ચૂસતા હોઈએ એ માતા પ્રત્યેનો ધર્મ બજાવવો જોઈએ.
- માણસ જન્મે છે ત્યારે મૂઠી વાળીને આવે છે, પણ જાય છે ત્યારે ઉઘાડે હાથે જાય છે.
- મફત ચીજ મળે તેની કિંમત ઓછી થઈ જાય છે. પરિશ્રમથી મેળવેલી વસ્તુની કિંમત બરાબર અંકાય છે.
- આપણે ડર કાઢી બીજાને ડરાવીએ તેના જેવું એકે પાપ નથી. માટે તમે ઈશ્વરનો ડર રાખો. પહેલાં તમે ડર કાઢી નાખો. સ્વતંત્ર થાઓ એટલે ધર્મનું રક્ષણ થશે.
- ફળ મળે કે ન મળે, પરંતુ ધર્મબુદ્ધિથી જે કામમાં એ (સેવક) પડે છે તેનું કામ સમય આવ્યે બોલવાનું છે.
- યાદ રાખીએ કે મજૂરીએ માણસને ઈશ્વરે આપેલી મોટામાં મોટી શક્તિ છે.
- મજૂરી એ તો માણસની શોભા છે. મહેનત કરે તે ઉત્તમ પુરુષ છે.
- જે મજૂરી નથી કરતો પણ માત્ર જીભ હલાવી ખાય છે તે ઈશ્વરનો ચોર છે.
- માનવીનો માલિક તો એક ઈશ્વર જ છે. જેણે આવું રૂડું શરીર આપ્યું છે ને એમાં જીવ મૂક્યો. તે જ આપણો ખરો માલિક હોઈ શકે.
- જગતમાં તમારે તરવું હોય તો હાથપગ ઉપર ભરોસો રાખો. જેનું શરીર કેળવાય છે તેનું મગજ પણ સાથોસાથ ખીલે છે.
- સુંદર વસ્ત્રોથી માણસ શોભતો નથી, પણ સુંદર આચરણ એ જ માણસની શોભા છે.
- વખત જતાં વાર નહીં લાગે, માટે આજનું કામ કાલ ઉપર ન રાખી શકાય. આવતી કાલનું કામ પણ બને તો આજે જ કરી લેવું જોઈએ.
- ભિક્ષાવૃત્તિને ઉત્તેજન આપવું એમાં પુણ્ય નથી પણ પાપ છે.
- અનુકૂળ ફેરફાર થવાની આશાએ આપણા કામની ગતિ મંદ ન પાડતા વધારે વેગથી કામ કરવું જોઈએ.
- લક્ષ્મી તો આજે છે અને કાલે નથી. આજે નહીં હોય અને કાલે આવી મળશે.
- દાન સ્વાભાવિક લાગણીથી અને તાકીદે આપે તો જ તે ફળદાયી થઈ પડે.
- ધર્મને બાજુ પર રાખી અનેક પ્રકારની અનીતિથી દ્રવ્ય સંપાદન કરવાના જમાનામાં હકથી મળેલી મિલકત ધર્મને ખાતર ખોઈ બેસનારને મૂર્ખ કહેનારા મળે એમાં શી નવાઈ ?
- હવે દેહરખો અને દ્રવ્યરખો ધર્મ પાળવાનો યુગ પુરો થવા આવ્યો છે.
- સત્યને જપ્ત કરવાને કોઈ પણ ઓર્ડિનન્સની શક્તિ નથી.
- કઠોરમાં કઠોર હૃદયને પણ પ્રેમથી વશ કરી શકાય છે અને સામાની કઠોરતાના પ્રમાણમાં આપણો પ્રેમ તેટલો જ સબળ હોય તો જરૂર આપણે જીતી શકીએ.
- થાકેલો માણસ દોડવા માંડે તો મુકામ પર પહોંચવાના બદલે જીવ ગુમાવી બેસે છે.
- સંખ્યા વિનાનું સંખ્યા બળ એ બળ નથી. સૂતરના બારીક તાર જુદા જુદા હોય ત્યારે હવાના સપાટાથી પણ તૂટી જાય એવા કમજોર હોય છે. પણ જ્યારે મોટી સંખ્યામાં ભેગા થઈને મહોબત કરે છે, તાણાવાણામાં કાપડનું રૂપ લે છે ત્યારે એની મજબૂતી, સુંદરતા અને ઉપયોગિતા અદ્‌ભુત બની જાય છે.
- તલવાર ચલાવી જાણે છતાં તલવાર મ્યાન રાખે તેની જ અહિંસા સાચી કહેવાય. કાયરોની અહિંસાની કિંમત કેટલી ? જેને લાજ નથી તેની લાજ શી જવાની છે ? જે પોતાની લાજનું રક્ષણ નથી કરતો તેની લાજ બીજું કોણ બચાવી શકવાનું હતું ? પોતાની સ્ત્રી અને કુટુંબનું રક્ષણ કરવાની, ભરણપોષણ કરવાની જેનામાં શક્તિ હોય તેને જ આ જગતમાં લગ્ન કરવાનો હક છે. જેનામાં શક્તિ નથી તેણે કુંવારા રહેવું જોઈએ.

# બાળકોની ટેવો અને કૌશલ્ય

સતીષ પી. પ્રજાપત
હેડટીચર બાકરોલ
તા. કાલોલ

**ભૂમિકા :**

બાળકના ઘડતરમાં સુટેવોનું ઘડતર એ પણ મહત્વનો ભાગ છે. સુટેવોનાં ઘડતર માટે બાળપણનો સમય વધારે મહત્વનો છે. એટલે શાળામાં સુટેવોના ઘડતર માટે પણ શિક્ષકે જાગૃત રહેવાનું છે. બાળક અનુકરણશીલ હોવાથી તેનામાં સુટેવ કે કુટેવ ક્યારે પડી જાય છે તે કલ્પવું મુશ્કેલ છે. એટલે જ જાગૃત માબાપે અને શિક્ષકે ટેવોના ઘડતર માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ.

**ટેવ શું છે ?**

આપણે સવારથી ઊઠીને કેટલાક કાર્યો કરીએ છીએ. અથવા એમ કહીએ તો ચાલે દાતણ કરવું. સ્નાન કરવું, ચા પીવી, છાંપું વાંચવું, જેવી કેટલીક બાબતો આપોઆપ થયા જ કરે છે. વ્યક્તિ પોતે પણ આ કામ કરે છે. તેનો ભાર લાગતો નથી. આમ ટેવ એ મનોશારીરિક પ્રક્રિયા છે. કોઈ એક પણ પ્રક્રિયા કે કામ વારંવાર થવાને કારણે તે તદ્દન સ્વાભાવિક અથવા સ્વયં સંચાલિત બની જાય છે. આવી કેટલીક ટેવો જીવનમાં દૃઢ બની જાય છે. કેટલાંકને ચા પીધા વગર ન ચાલે, કેટલાકને પાન ખાધા વગર ન ચાલે, કેટલાકને બીડી પીધા વગર ન ચાલે. આ બધી વસ્તુઓ ન મળે ત્યાં સુધી વ્યક્તિને ચેન પડતું નથી. આમ ટેવ એ જીવનમાં ઘણી અસરકારક વસ્તુ બને. ટેવના બે પ્રકાર છે.

(૧) સુટેવ અને (૨) કુટેવ

**ટેવ કેવી રીતે પડે છે ?**

બાળક જન્મે છે ત્યારે ટેવ લઈને જન્મતો નથી એટલે ટેવોનું ઘડતર વાતાવરણમાં થાય છે. સારા વાતાવરણમાં સારી ટેવો પડે છે. ખરાબ વાતાવરણમાં ખરાબ ટેવો પડે છે.

નવી ટેવ પાડવા માટે માણસે પોતાની સર્વ શક્તિનો ઉપયોગ કરવો પડે છે. ચોમાસામાં મેદાનમાં ઘાસ ઊગી નીકળે છે. આ ઘાસમાંથી રસ્તો કાઢવા માટે પહેલાં એક માણસ ઘાસ ખૂદતો ખૂદતો જાય છે. આના ઉપરથી અનેક માણસો પસાર થાય છે. આમ એના એ માર્ગેથી અનેક માણસો જતાં પેલા ઘાસના મેદાનમાં કેડી કે પગદંડી પડે છે. એક જ રસ્તેથી વારંવાર પસાર થવાથી તે જગ્યાનું ઘાસ ઘસાઈ જાય છે, માણસના જીવનમાં ટેવ પણ આ રીતે જ પડે છે. એક કામ એક વાર કર્યુ, બે વાર કર્યુ, અનેક વાર કર્યુ એટલે એની ટેવ પડવા માંડે છે. વહેલાં ઊઠવાનું આપણને શરૂઆતમાં કઠિન લાગે છે ખરું પરંતુ નાનપણથી જ જેમને વહેલા ઊઠવાની ટેવ પડ્યા પછી આપણે આપોઆપ તે જ સમયે જાગી જઈએ છીએ. આમ શરૂઆતમાં તકલીફ ભોગવ્યા પછી વહેલા ઊઠવાનું સુંદર પરિણામ આપણને મળે છે. દરેક વ્યક્તિએ પોતાની મેળે જ સારી કે નરશી ટેવ પાડવાનું આ રીતે વિચારવું જોઈએ.

**ટેવ પાડવા શું કરવું જોઈએ ?**

➤ જે ટેવ પાડવી હોય તેને માટે વ્યક્તિની માનસિક તૈયારી હોવી જોઈએ.
➤ જે ટેવ પાડવી હોય તે માટે તેને અનુરૂપ પ્રયત્નો પણ કરવા જોઈએ.
➤ જે તે પ્રયત્નોની ક્રિયાનું પુનરાવર્તન થયા કરવું જોઈએ.
➤ ક્રિયાનું પુનરાવર્તન કરાવવામાં દૃઢ મનોબળની જરૂર છે. વ્યક્તિને જેમાં રસ હોય તેમાં સરળતાથી ટેવ પડે.

**ટેવ ઉપયોગિતા :**

માનવજીવનમાં ટેવનું ઘણું બધું મહત્વ છે. વ્યક્તિના ઘડતરમાં પણ સુટેવો અને કુટેવોનો સારો એવો ફાળો છે. જો ટેવ ન પડી હોય તે વ્યક્તિની મહતા પણ રહેતી નથી.

➤ ટેવથી કાર્ય સરળ બને છે.
➤ આપણી શક્તિનો બચાવ થાય છે.
➤ ક્રિયા ઝડપથી થાય છે.
➤ પ્રવૃત્તિ સ્વાભાવિક બને છે. ટેવ પડ્યા પછી મનને કામે લગાડવું પડતું નથી.
➤ શક્તિ વેડફાતી નથી
➤ ઘણાં કામો સરળ બની જાય છે.
➤ થાક ઓછો લાગે છે.
➤ ચોક્કસાઈ, ગુણવત્તા વધે છે.
➤ બીજાનો પ્રેમ જીતી શકીએ.
➤ કામમાં કંટાળો ન આવે.

**સુટેવ પાડવા માટે શું કરીશું ?**

- ➤ શિક્ષકે પોતે સુટેવો માટે આગ્રહ રાખવો જોઈએ.
- ➤ શિક્ષકોના વર્તન ઉપર સુટેવનો મોટો આધાર છે.
- ➤ ટેવ પાડવા માટે હુકમ, ધાકધમકી, મારવું, વઢવું, ફરજ પાડવી જેવા પ્રયત્નો ન કરવા જોઈએ.
- ➤ સારા મિત્રો અને સારા સંગ માટે આગ્રહ રાખવો જોઈએ.
- ➤ સારી ટેવોના ફાયદા સમજાવવા જોઈએ.
- ➤ સુટેવ માટે સુખદ અનુભવ કરાવવો જોઈએ. એટલે કે પ્રશંસા કરવી. વખાણ કરવા, શાબાશી આપવી વગેરે.

**અનિચ્છનીય ટેવોને દૂર કરવાં શું કરવું જોઈએ ?**

- ➤ કુટેવને શત્રુ ગણો અને તેના પર આક્રમણ જ કરવું.
- ➤ કુટેવને શરૂઆતથી જ દાબવી.
- ➤ તે સ્થિર થાય તે પહેલાં જાગૃત થઈ તેને દૂર કરવી.
- ➤ કુટેવો માટે નફરત દર્શાવવી, અણગમો પેદા કરવો
- ➤ કુટેવોના નુકસાનોથી વાકેફ કરવાં.

શિક્ષણના વિવિધ હેતુઓમાં ચારિત્ર્ય ઘડતરનો એક હેતુ છે તે મહત્વનો હેતુ ગણાય છે. ચારિત્ર્ય ઘડતર કરવા માટે બાળકમાં સારી ટેવા પાડવી જોઈએ. સ્વચ્છતા આજ્ઞાપાલક રહેવાની ટેવ, નિયમિતતા, વિનયશીલતા સુઘડતા, શિસ્તપાલન જેવી સુટેવો માટે શિક્ષકે શાળામાં પ્રયત્ન કરવો જોઈએ.

**નિયમિતતા :**

વર્ગમાં શિક્ષક તરીકે સમયસર જવું. જે તે કાર્ય કે અભ્યાસક્રમ સમયપત્રક મુજબ પૂરો કરવો, નોંધ કે રેકોર્ડ નિયમિત લખવો હાજરી નિયમિત પૂરવી.

આમ વર્ગમાં બાળકોના ઉપર સારી છાપ પાડવા માટે અને સુટેવોનું ઘડતર કરવા માટે શિક્ષકે સારી ટેવો પાડવી અને કુટેવોથી દૂર રહેવા જાગૃત રહેવું પડશે. આની અસર બાળકો ઉપર પડશે. અને એ રીતે બાળકનું ઘડતર થશે.

**સતીષ પી. પ્રજાપત**
**હેડટીચર બાકરોલ**
**તા. કાલોલ**

## જિંદગીની એ, બી, સી, ડી

Aક આદર્શમાતા સો શિક્ષક સમાન છે.

Bજા ને નીચે ઉતારવા તમારે પણ નીચે ઊતરવું પડશે.

Cદ્ધિની સીડી ચડવા માટે સાહસ એ પ્રથમ પગથિયું છે.

Dઝલ અને પેટ્રોલ વિચારીને વાપરો.

Eશ્વરનો ભય એ જ વિદ્યાનો આરંભ છે.

F.A.O. એટલે ફુડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઇઝેશન (ખોરાક અને ખેતી માટેની વિશ્વસંસ્થા)

Gવન શ્રદ્ધા અને વિશ્વાસથી ચાલે છે.

H.M. એટલે હિઝમેજેસ્ટી સમ્રાટ બુદ્ધિશાળી હોવો જોઈએ.

Iનામા જેવું હશે તેવું પ્રતિબિંબ પડશે.

Jકામ કળથી થાય તે બળથી ન થાય.

Kળવણી ક્ષેત્રમાં શિક્ષકો પોતાની વાણીથી શીખવે તેનાં કરતાં પોતાના જીવનથી શીખવે તેની ઘણી મોટી કિંમત છે.

L આઈ.સી. પૉલીસી એટલે જીવનની કમાણી

M ન બોલો કે કુદરતે મારી સાથે અન્યાય કર્યો.

N.O.A. એટલે નેશનલ ડિફેન્સ એકેડમી (રાષ્ટ્રીય સંરક્ષણ તાલીમકેન્દ્ર) ભારતનું સંરક્ષણ કરવું એ આપણી પ્રથમ ફરજ છે.

O માનવી તકના ટકોરા બે વખત વાગશે નહિ.

P તાની આજ્ઞાનું પાલન થવું જોઈએ.

Q તુમ ભુલ ગયે કિ ભગવાન યહાં હૈ.

Rતી સમયસર કરીએ તો ભગવાન આપણને સમયસર મદદ કર.

S.t. આપણી રાષ્ટ્રીય સંપત્તિ છે, માટે તેને આપણે નુકશાન ન કરીએ.

Tવી વધારે જોવાથી આપણને નુકશાન થાય.

Uદ્વ દેશ વિદેશ માટે નુકશાનકારક છે.

Vધા વિનયથી શોભે છે.

W.H.O. એટલે વિશ્વ આરોગ્ય સંસ્થા કહે છે કે, તમારું આરોગ્ય જાળવો.

X-ray એટલે તમારા શરીરના અંગોનો અરીસો

Yડો વ્યક્તિ સમાજ માટે હાનિકારક છે.

Z સુરક્ષા રાજકારણીઓને અપાય છે. ઝેડ એબીસીડીનો છેલ્લો અક્ષર છે.